RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 14* Date: 08.11.2020 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કોરોના મહામારી વચ્ચે ઈસરોએ પોતાનું પ્રથમ સેટેલાઈટ લોન્ચ કર્યું

# ઈસરોનું EOS-1 સહિત નવ વિદેશી ઉપગ્રહો સાથે સફળ લોન્ચિંગ

**પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી-સીજ૪૯/ ઈઓએસ ૦૧)નું સતિષ ધવન સ્પેસ સેન્ટરથી બપોરના ૩.૧૨ કલાકે ઈસરોએ લોન્ચ કર્યું**



*શ્રીહરિકોટા,તા.૭*

ભારતે પીએસએલવી સી-૪૯માં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ ઈઓએસ-૦૧ તેમજ નવ વિદેશી ઉપગ્રહોનું આજે સફળ લોન્ચિંગ કર્યું હતું. પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી-સી૪૯/ ઈઓએસ ૦૧)નું સતિષ ધવન સ્પેસ સેન્ટરથી બપોરના ૩.૧૨ કલાકે ઈસરોએ લોન્ચ કર્યું હતું. કોરોના વાયરસ મહામારી વચ્ચે ઈસરોનું આ સૌપ્રથમ સફળ લોન્ચ રહ્યું છે.

૨૬ કલાકના રિવર્સ કાઉન્ટડાઉનના અંતે પીએસએલવી સી-૪૯ને લોન્ચ કરાયું હતું. જો કે નિર્ધારિત સમય કરતા ૧૦ મિનિટનો વિલંબ થયો હતો. ઈસરોના જણાવ્યા મુજબ વ્હીકલના માર્ગમાં કેટલાક રજકણો હોવાથી લોન્ચમાં વિલંબ થયો હતો. ચાલુ વર્ષએ ઈસરોનું આ પ્રથમ મિશન રહ્યું છે.

ઈઓએસ ૦૧ કૃષિ, વનીકરણ તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ઉપયોગી ઉપગ્રહ છે. તે રડાર ઈમેજિંગ સેટેલાઈટ છે. સેટેલાઈટના રડાર પણ વાદળોની પાર પણ જોઈ શકશે. તે દિવસ અને રાત અને બધી ઋતુઓમાં ફોટા લેવામાં સમર્થ હશે. ભારત અર્થ ઓર્બિટ સેટેલાઈટનો સૌથી વધુ સંગ્રહ ધરાવે છે. રિમોટ ઓપરેટેડ આ ઉપગ્રહોથી કૃષી, વનીકરણ, જળ વ્યવસ્થાપન, માટીમાં ભેજ વગેરે બાબતોના ડેટા સરળતાથી ઉલબ્ધ થઈ રહે છે. અગાઉ ૧૧ ડિસેમ્બર ૨૦૧૯ના ઈસરો દ્વારા પીએસએલવી સી-૪૮/RISAT-2BR1ને મોકલવામાં આવ્યું હતું. પીએસએલવી સી ૪૯ સાથે લિથુઆનાનો એક, લક્ઝમબર્ગના ચાર તેમજ અમેરિકાના ચાર ઉપગ્રહોને પણ મોકલવામાં આવ્યા હતા. શનિવારના લોન્ચિંગ સાથે ISROનો વિદેશી સેટેલાઈટ મોકલવાનો આંકડો ૩૨૮ પર પહોંચી ગયો છે. ઈસરોનું આ ૫૧મું મિશન હતું. વિક્રમ સારાભાઈ સ્પેસ રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર એસ સોમનાથે કહ્યું હતું કે, PSLV-C49 બાદ હવે ડિસેમ્બર મહિનામાં PSLV-C50 લોન્ચ કરવાની યોજના છે. બીજા લોંચિંગ માટેની તૈયારીમાં લગભગ ૩૦ દિવસનો સમય લાગે છે. ભારતીય વિજ્ઞાનીકોનું કહેવુ હતું કે,EOS01 ભારતની નવી આંખ છે જે અવકાશમાંથી સેના નજર બની તેની ક્ષમતા વધારશે અને સુરક્ષા દળોને ચીન સાથે LAC સ્ટેન્ડ ઓફ વચ્ચે સરહદ પર નજર રાખવામાં મદદ કરશે. આ સિવાય તેનો ઉપયોગ ખેતી, માટીમાં ભેજ, ભૂવિજ્ઞામ, તટીય દેખરેખ અને પૂર જેવી આફતો પર અનુપ્રયોગો માટે પણ થઈ શકશે. ઈસરોએ અત્યાર સુધીમાં ચીન, બેલ્જિયમ સહિત ૨૬ દેશના ઉપગ્રહ લોન્ચ કર્યા છે. જેના થકી પાછલા ૫ વર્ષમાં ઈસરોએ ૧૨૪૫.૧૭ કરોડની કમાણી પણ કરી છે.

### કેજરીવાલ સરકારે સુપ્રિમ કોર્ટમાં સ્પેશ્યલ લિવ પિટિશન કરી

# ખાનગી હોસ્પિટલની જેમ ૮૦ ટકા બેડ આઈસીયુ બેડની જેમ રિઝર્વમાં રાખવામાં આવે



*ન્યુ દિલ્હી,તા.૭*

દિલ્હી સરકારે ખાનગી હોસ્પિટલોમાં આઈસીયુ બેડસ રિઝર્વ કરવાને લઈ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. હાઈકોર્ટ એ અરવિંદ કેજરીવાલ સરકારના નિર્ણયને પલટી દીધો હતો. સરકાર ઈચ્છતી હતી કે ખાનગી હોસ્પિટલોમાં ૮૦% બેડ આઈસીયુ બેડની જેમ રિઝર્વ રાખવામાં આવે. સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનએ કહ્યું કે અમે સુપ્રીમ કોર્ટમાં સ્પેશ્યલ લીવ પિટીશન કરી છે. તેમણે કહ્યું કે દિલ્હીની સરકારી હોસ્પિટલોમાં આઈસીયુ બેડસ હજુ પણ ઉપલબ્ધ છે. દિલ્હીના આરોગ્ય મંત્રીના જણાવ્યા અનુસાર ધનિકોને ખાનગી હોસ્પિટલમાં દાખલ થવું વધુ સારું લાગે છે, આથી ત્યાં આઈસીયુ બેડ્સની અછત ઉભી થઈ છે. જૈને કહ્યું, “કારણ કે ધનિક લોકો સરકારી હોસ્પિટલોને બદલે ખાનગી હોસ્પિટલોને પ્રાધાન્ય આપે છે, તેથી તેઓ ખાનગી હોસ્પિટલોમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.” તેમણે કહ્યું કે, દિલ્હી સરકારે રાજધાનીની સરકારી હોસ્પિટલોમાં ૫૦૦ કોવિડ બેડ્સ વધુ ઉમેર્યા છે જેમાં ૧૧૦ આઈસીયૂ બેડસ પણ સામેલ છે. આ ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં પણ ૬૮૫ બીજા વધારાના બેડ છે.

દિલ્હી સરકારના આરોગ્ય વિભાગે ૧૪ ખાનગી હોસ્પિટલોમાં પથારી વધારવાના આદેશો પણ રજૂ કર્યો છે. નવા આદેશ બાદ આ ૧૪ હોસ્પિટલોમાં કોવિડ માટે ૫૦% અનામત રાખવા કહેવામાં આવ્યું છે. આ આદેશ બાદ હવે દિલ્હીમાં ખાનગી હોસ્પિટલોમાં ૬૮૫ બીજા બેડ હશે. આ ૧૪ હોસ્પિટલોમાં કોવિડ માટે બેડની સંખ્યા વધારીને ૨૪૪૨ થઈ જશે. આ હોસ્પિટલોમાં કોવિડ દર્દીઓની સારવાર પહેલાથી જ કરવામાં આવી રહી છે.દિલ્હીમાં કેસ સતત વધી રહ્યા છે. શુક્રવારે રાષ્ટ્રની રાજધાનીમાં મહામારી શરૂ થયા બાદથી શુક્રવારના રોજ કોવિડ -૧૯ના સૌથી વધુ કેસ નોંધાયા છે. શહેરમાં તહેવારની મોસમ અને વધતા જતા પ્રદૂષણના સ્તર વચ્ચે પોઝિટિવિટી દર ૧૨.૧૯ ટકા છે, જ્યારે અહીં ૭,૧૭૮ નવા કેસ સામે નોંધાયા છે. દિલ્હીમાં કોરોના વાયરસના કુલ કેસ ૪,૨૮,૮૩૧ નોંધાયા છે.

### વડાપ્રધાને IITના ૫૧માં દિક્ષાંત સમારોહનું સંબોધન કર્યું

# કોરોના કાળમાં ટેક્નોલોજીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી: મોદી



**વ્યપાર સ્તર સાથે લોકોના જીવન સ્તરમાં પણ બદલાવ આવશે,ગ્લોબલાઈજેશન સાથે આત્મનિર્ભરતા જરૂરી,બીપીઓમાં પરિવર્તન માટે યુવાનો માટે વધુ તકો**

*ન્યુ દિલ્હી,તા.૭*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારએ આઈઆઈટી દિલ્હીના ૫૧મા દીક્ષાંત સમારોહમાં ભાગ લીધો. પીએમ મોદી સમારોહમાં વર્ચુઅલ રીતે સામેલ થયા અને વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે કોરોનાકાળમાં ટેક્નોલોજીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

પીએમ મોદીએ કહ્યું કે ‘કોરોનાકાળમાં ઘણા બધા ફેરફાર થયા છે. આ સંકટકાળમાં આપણે નવી વિચારસણીની જરૂર છે. કોરોનાકાળ બાદ દુનિયા અલગ થવા જઈ રહી છે અને તેમાં ટેક્નોલોજીની મોટી ભૂમિકા હશે. વિદ્યાર્થીઓ પાસે આજે ટેક્નોલોજી શીખવાની તક છે. કૃષિ અને સ્પેસ ક્ષેત્રમાં પણ નવી સંભાવનાઓ સામે આવી રહી છે. તેનો હેતુ સમાજને આગળ લઈ જવા અને તેની ભલાઈ થવી જોઈએ. સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં કહ્યું કે ‘કોવિડ ૧૯એ દુનિયાને એક વધુ એક વાત શિખવાડી દીધી છે. ગ્લોબલાઈજેશન મહત્વપૂર્ણ છે. પરંતુ તેની સાથે-સાથે આત્મનિર્ભરતા પણ એટલી જ જરૂરી છે. આત્મનિર્ભર ભારત અભિયાનની સફળતા માટે આ ખૂબ મોટી તાકાત છે. સંબોધનમાં પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું કે ‘તમે જયારે અહીંથી જશો તો તમારે પણ નવા મંત્રને લઈને કામ કરવું પડશે. તમે અહીંથી જશો તો તમારો એક મંત્ર હોવો જોઈએ- ફોસ ઓન ક્વોલિટી, નેવર કોમ્પ્રોમાઈઝ, ઈશ્યોર સ્કેલેબિલિટી મેક યોર ઈનોવેશન વર્ક એટ એ માસ સ્કેલ, ઈશ્યોર રિયાબિલિટી, બિલ્ટ લોન્ગ ટર્મ ટ્રસ્ટ ઈન ધ માર્કેટ, બ્રિંગ ઈન એડાપ્ટેબિલિટી, બી ઓપન ટૂ ચેંજ એન્ડ એક્સપેક્ટ અનર્ટેનિટી વે ઓફ લાઈફ.’ તેમણે કહ્યું કે જો તમે આ મૂલમંત્રો પર કામ કરશો તો તેની ચમક બ્રાંડ ઈન્ડીયામાં પણ છલકાશે. પીએમ મોદીએ કહ્યું કે ‘બે દિવસ પહેલાં જ બીપીઓ સેક્ટરના વ્યાપાર કરવામાં સરળતા માટે પણ એક મોટું રિફોર્મ કરવામાં આવ્યું છે. એવી જોગવાઈ, જે ટેક ઈંડસ્ટ્રીને વર્ક ફ્રોમ હોમ અથવા પછી ગમે ત્યાં કામ કરવા જેવી સુવિધાઓથી રોકી શકતા હતા, તેમને પણ દૂર કરવામાં આવી છે. આ દેશના આઈટી સેક્ટરને વિશ્વ સ્તરપર પ્રતિયોગી બનાવશે અને તમારા જેવા યુવા પ્રતિભાઓને વધુ તકો આપશે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા:૧૦૪૬**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૧૭૯૬૭૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૦૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૯૩૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૧૬૩૮૭૭**

### ૨૪ કલાકમાં ૫૦,૩૫૬ નવા દર્દીઓ, વધુ ૫૭૭ના મોત

# દેશમાં કોરોના સંક્રમિતોની સખ્યા ૮૪.૬૨ લાખને પાર: કુલ ૧.૨૫ લાખના મોત

ન્યુ દિલ્હી,તા.૭

દેશના અનેક રાજ્યોમાં કોરોનાની સ્થિતિ વણસી રહી છે. ઉત્તર પ્રદેશ, દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ૨૪ કલાકમાં કોરોનાના પોઝિટિવ કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે. દિલ્હીમાં એક દિવસમાં રેકોર્ડ બ્રેક ૭ હજારથી વધુ કેસો સામે આવ્યાં છે, તો ઁમાં પણ સંક્રમિતોની સંખ્યા ઝડપથી વધવા લાગી છે.

ભારતમાં કોરોનાના કેસોની વાત કરીએ તો હવે સંક્રમિતોનો આંકડો ૮૪ લાખની પાર પહોંચી ચૂક્યો છે. ઠંડીની સિઝન શરૂ થવાની સાથે જ કોરોનાના કેસો વધવા લાગ્યાં છે.

જો કે રાહતની વાત છે કે, દેશમાં કોરોનાથી સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા પણ સતત વધી રહી છે. ભારતમાં કોરોનાથી રિકવર થનારા દર્દીઓની સંખ્યા ૭૮ લાખની પાર પહોંચી ચૂકી છે. આ સાથે જ દેશમાં કોરોનાના મૃત્યુદરમાં પણ ઘટાડો આવ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૦,૩૫૭ નવા પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૫૭૭ લોકોના મરણ નોંધાયા છે.

આજના નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં હવે કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૪,૬૨,૦૮૧ પર પહોંચી ચૂકી છે. જ્યારે મૃત્યુઆંક વધીને ૧,૨૫,૫૬૨ પર પહોંચ્યો છે. જ્યારે કોરોનાને માત આપનારા દર્દીઓની સંખ્યા ૭૮,૧૯,૮૮૭ પર પહોંચી ગઈ છે. આ સાથે જ દેશમાં કોરોના રિકવરી રેટ ૯૨.૧૪ ટકા પર પહોંચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૪૧૪૧ એક્ટિવ કેસો ઓછા થયા છે. કોરોનાનો એક્ટિવ દર ૬.૧૧ ટકા થઈ ગયો છે. ભારતમાં કોરોનાનો મૃત્યુદર ૧.૪૮ ટકા છે.

દેશમાં અત્યાર સુધી ૧૧.૬૫ કરોડથી વધુ કોરોના ટેસ્ટિંગ કરવામાં આવી ચૂક્યાં છે. આઈસીએમઆરના જણાવ્યા પ્રમાણે, દેશમાં શુક્રવાર સુધી ૧૧,૬૫,૪૨,૩૦૪ સેમ્પલોના ટેસ્ટ કરવામાં આવી ચૂક્યાં છે. જેમાં ૧૧,૧૩,૨૦૯ કોરોના ટેસ્ટિંગ ગઈ કાલે જ કરવામાં આવ્યાં છે.

## પાકિસ્તાનની નફ્ફટાઈ: માનકોટ સેક્ટરમાં યુદ્ધ વિરામનું ઉલ્લંઘન કર્યું

માનકોટ,તા.૭

પાકિસ્તાન વારંવાર આંતરરાષ્ટ્રીય સરહદ પર સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યું છે. આ વખતે પાકિસ્તાને પૂંચ જિલ્લાના માનકોટ સેક્ટરમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું.

મળતી માહિતી મુજબ, મોડી બપોર ૨.૩૦ વાગે પાકિસ્તાને માનકોટ સેક્ટરમાં લાઈન ઓફ કંટ્રોલ પર મોર્ટાર અને નાના હથીયારો વડે યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો હતો. આ પહેલા ગુરુવારે રાત્રે પણ પાકિસ્તાને લગભગ સાત કલાક સુધી ગોળીબાર કરીને બીએસએફ ચોકીઓને નિશાન બનાવી હતી. જેનો બીએસએફ જવાનોએ પણ કડક જવાબ આપ્યો હતો. પાકિસ્તાનના ૨૫ ચેનાબ રેન્જરોએ પપ્પુ ચેક પોસ્ટથી રાત્રે ૧૦થી સવારના ૫ વાગ્યા દરમિયાન અચાનક ગોળીબાર શરુ કર્યો હતો.

# યશવર્ધન કુમાર સિન્હા બન્યા નવા મુખ્ય માહિતી કમિશનર



ન્યુ દિલ્હી,તા.૭

૨૬ ઓગસ્ટ ૨૦૨૦એ બિમલ ઝુલ્કાનો કાર્યકાળ પૂર્ણ તા બાદ બે મહિનાથી વધુ સમય સુધી મુખ્ય માહિતી કમિશનરનું પદ ખાલી પડ્યું હતું. હવે આ પદ પર યશવર્ધન કુમાર સિન્હાની પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ કોવિંદે યશવર્ધનને શપથ લેવડાવ્યા હતા. શનિવારે જાહેર કરાયેલા નિવેદન અનુસાર, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં સિન્હાને શપથ અપાડવામાં આવી હતી. સિન્હાએ ૧ જાન્યુઆરી ૨૦૧૯એ માહિતી કમિશનરનું પદ સંભાળ્યું હતું. તેઓ બ્રિટન અને શ્રીલંકામાં ભારતના ઉચ્ચ કમિશનર તરીકે પણ કામ કરી ચૂક્યા છે. સીઆઈસી તરીકે ૬૨ વર્ષીય સિન્હાનો કાર્યકાળ લગભગ ત્રણ વર્ષનો હશે.

સીઆઈસી અથવા માહિતી કમિશનરની નિયુક્તિ પાંચ વર્ષ માટે અથવા ૬૫ વર્ષની ઉંમર પૂર્ણ થયા ત્યાં સુધી કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યની સમિતિ દ્વારા સિન્હાની પસંદગી કરવામાં આવી છે. મોદી ઉપરાંત લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી અને ગૃહ પ્રધાન અમિત શાહ આ સમિતિના સભ્ય છે.

## તંત્રી સ્થાનેથી...

### સરકાર શાળાઓ ખોલવા તૈયાર અને આંધ્રની શાળાઓ ખુલતા જ કોરોના વિસ્ફોટ....હવે શુ.....?!

અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી સાથે ભારતમાં જે તે રાજ્યોમા ચૂંટણીઓમાં કોરોનાવાયરસ તદ્દન ભુલાઈ ગયો છે જ્યારે ચૂંટણી ઉમેદવારોના ટેકેદારો કોરોના નિયમના ધજીયા ઉડાડતાં સભાઓ,રેલીઓ સહિતના સ્થળો ઉપર ટોળાઓમાં ઊમટી રહ્યા હતા તો મત ગણના સમય દરમિયાન પણ આ જ પરિસ્થિતિ બની રહેશે જે રીતે અમેરિકામાં બની છે. અને આવા સમયમાં યૂએસએમા કોરોનાએ ફરીથી પોતાનું જડબુ ફાડ્યું છે અને દૈનિક એક લાખથી વધુ લોકોને પોતાની ચપેટમાં લઈ રહ્યો છે. યુકેના કોરોના કેસોમાં ઝડપી ઉછાળો આવતા પુનઃ સંપૂર્ણ લોકડાઉન જાહેર કર્યુ છે જે ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. ત્યારબાદ તેનો નિર્ણય ત્યાંનું ગૃહ કરશે ઉપરાંત ટોટલી પાબંધી ફરમાવવા સાથે તેના ભંગ કરવા બદલ આકરો દંડ ફટકારવાનો નિર્ણય કર્યો છે. યુએસમાં ત્યાંના તજજ્ઞોએ ચેતવણી આપી છે કે ૮૬ દિવસમાં જરૂરી પગલાં લેવામાં નહીં આવે તો એકાદ લાખ લોકો કોરોના નો કોળીયો બની જશે.....!

ભારતમાં કોરોના કેસોની રિકવરી વધી રહી છે છતાં છેલ્લા છ દિવસથી ધીરે ધીરે કોરોના સંક્રમિતોનો વધારો થવા લાગ્યો છે તેમાં પણ દિલ્હીમાં કેસો વધી રહ્યા છે. કેન્દ્ર સરકારે દેશના અર્થતંત્રને પાટે ચઢાવવા અને જનજીવન ઝડપથી ધબકતું થાય તે માટે અનલોક જાહેર કરીને લગભગ દેશભરના નાના- મોટા ઉદ્યોગો, ધંધા- રોજગાર સહિતના તમામ ક્ષેત્રોને મોટા ભાગની છૂટછાટ આપવા સાથે કોરોના નિયમોનું પાલન કરવા ખાસ ચેતવણી આપી છે. કેન્દ્ર સરકારે વિદ્યાર્થીઓના ઉજ્વળ ભવિષ્ય માટે શાળાઓને ખોલવાની જરૂરી શરતી મંજૂરીઓ આપી દેવામાં આવી છે. કેટલાક રાજ્યોમાં શાળાઓ ખુલી ગઈ છે એવા સમયે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સના અહેવાલે લોકોના હૃદયના ધબકારા વધારી દીધા છે.....! તેને ચેતવણી રૂપે જણાવ્યું છે કે શાળાઓ શરૂ થઈ જતાં શિક્ષકો અને વિદ્યાર્થીઓમા અનેક જગ્યાએ કોરોના કેસોમાં વધારો થઈ શકે છે.....! તો એઈમ્સે તેના અહેવાલમાં જણાવ્યું છે કે ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં કોરોનાનું સંક્રમણ હોય તો છે પરંતુ દેખાતું નથી.... દેશના ગૃહ મંત્રાલયે માર્ગદર્શિકા જાહેર કર્યા પછી ૧૦ રાજ્યોમાં શાળાઓ ખૂલી ગઈ છે જેમાં યુપી, આંધ્ર, બિહાર જેવા મોટા રાજયોનો સમાવેશ થાય છે. ત્યારે આંધ્રપ્રદેશમાં ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ માટે બીજી નવેમ્બરથી શાળાઓ ખૂલી ગઈ હતી તેના ત્રીજા દિવસે જ ૧૬૦ જેટલા શિક્ષકો અને ૨૬૨ જેટલા વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા હોવાનું બહાર આવ્યું છે.... તેની માહિતી શિક્ષણ આયુક્ત વીરભદ્રએ આપતા કહ્યું કે સંક્રમિત થયેલા વિદ્યાર્થીઓની હાલત ચિંતાજનક નથી. શાળામાં કોરોના નિયમોનું પાલન થાય છે. એક વર્ગમાં ૧૫ કે ૧૬ વિદ્યાર્થીઓને બેસાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ તથા શિક્ષકો કોરોનાની ચપેટમા આવ્યા હોવાની ઘટના દેશભરમાં ફરી વળતાં જે તે રાજ્ય સરકાર ચિંતા કરવા લાગી છે. તો લોકોમા પણ ભય ફરી વળ્યો છે. વાલીઓ શાળા શરૂ થતા પોતાના સંતાનોને મોકલવા તૈયાર થશે કે કેમ તેવો સવાલ આમ પ્રજામાં ફરીવળ્યો છે......!?

# રાજકીય મૂળ મુદ્દા જ ચર્ચામાંથી ગાયબ

અમેરિકામાં ત્યાંના રાષ્ટ્રપતિની ચૂંટણી જો જંગ ચાલી રહ્યોછે છે. ચૂંટણીના કાયદેસર પરિણામો જાહેર થવાની રાહ જોવાઈ રહી છે. ચાર જેટલા રાજ્યો ના પરિણામ કોણ ટ્રમ્પ - રિપબ્લિક પક્ષ અને બાયડન ડેમોક્રેટિક પક્ષ માંથી કોણ વધુ વોટ લેશે તેનો ઈંતેજાર થઈ રહયો છે. જોકે અતિયારના સમાચાર પ્રમાણે જો બાયડન જીતવા તરફ જય રહ્યા છે. અને અગ્લી બાર ટ્રમ્પ સરકાર ના નારાઓ લગાવનારા ના છાતીના પાટિયા બેસી ગયા હોય તેમ લાગે છે. આ અમેરિકાની લોકશાઈમાંથી ઘણું જાણવા જેવીછે અને સમજવા જેવું પણ છે.

અમેરિકાના બંધારણ અને ચૂટણી ને સમજવા સરળ નથી. પણ અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખ અને ઉપરાષ્ટ્ર પ્રમુખની ચૂંટણી થાય છે. અને અહી આ રાષ્ટ્રપ્રમુખ પાસે જ બધી સત્તા હોય છે. જયારે ભારતના રાષ્ટ્રપતિ અને ઈંગ્લેન્ડની મહારાણી પાસે આમ જોવા જાવ તો એક સેરિમોનિયલ પોઝિશન કહી શકાય. તેમનું કામ દેશની ચૂંટાયેલી સરકાર ની કેબિનેટ ની સલાહ પ્રમાણે કરવાનો ઐતિહાસિક પ્રનલિકા બની છે. એટલે સુધી કે ભાષાનો પણ વાળા પ્રધાન ની મંજુરીથી તૈયાર થાય છે. ભારત અને બ્રિટનમાં વડાપ્રધાન ની સત્તા સૌથી વધુ હોય છે.

અમેરિકામાં સેનેટ છે જેવી ભારતમાં લોકસભા અને બ્રિટનમાં પરલાઈમેન્ટ છે. બ્રિટન અને ભારતમાં વડાપ્રધાન પાર્લામેન્ટ માં જે પક્ષ ની બહુમતી હાય છે તે માંથી ચુનાઈ ને આવે છે અને તેથી લોકસભા જ આવા વડાપ્રધાનો પાસે જવાબદારી માગે છે. દાખલ તરીકે ટેરેસા મે, જે બ્રિટનના વાળા પ્રધાન હતાં, તેમને પોતાના જ પક્ષ ના દિગ્ગજ નેતાઓએ વિરુદ્ધ જઈ બ્રીએક્ઝીટ ના વિષયો પર વોટ આપતા અને અઘરા સવાલો પુછતા જરા પણ સંકોચાતા નથી અને ધારે ત્યારે રાજીનામુ આપવા સુધી પણ મજબુર કરી શક્યા હતા. આને ચેક્સ એન્ડ બેલેનાસ અને એકૉઉન્ટીબીલીટી કહેવાય છે , જે ને ગુડ ગવર્નન્સના ઢાંચામાં સંમાવી શકાય છે. જયારે આપણા દેશોમાં વાળા પ્રધાન અને પક્ષના નેતાઓ પાછળ હજૂરિયાઓનુંજ જૂથતેમની કેબિનેટ કે પાર્લિયામેન્ટમાં ચકોચકક ભરી બેઠુ હૉય છે જેથી દેશના મૂળ મુદ્દા જ ચર્ચામાંથી ગાયબ કરી દેવાય છે. હવે તો સરકારી તંત્ર જ આખું સાહેબની સેવામાં આંખ મીંચી યસસર અને નોસર હરિ હજૂરિયા બની સલામો ઠોકતું તંત્ર કરી નાખયું છે. અને તેમાંય આપણા સમાચાર પાત્રો અને રાજકીય જર્નાલિસ્ટ્સ અને મીડિયા હોઉસીસ પણ દેશના જનતાને લગતા મૂળ મુદ્દા જ ચર્ચાઓમાંથી ગાયબ કરી દેવા ના માહિર થઈ ગયા છે.

તમોને આશ્ચર્ય થશે કે આ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની પ્રેસ કોણ ફ્રાન્સ દરમ્યાન કેટલાક જુઠા દાવા કરવાના શરુ કાર્ય તેવાજ મોટા ભાગના અમેરિકાના ટી વી ચેનલોએ તુરત તેમાં ભંગ કરી સત્ય હક્કીકત બહાર લાવી ખુલ્લેચોક કહ્યું કે તેમના રાષ્ટ્રીય પ્રમુખ તદ્દન જુઠો પ્રચાર કરે રહ્યા છે. એવું પણ જાણવા પાળ્યું છે કે આ ટ્રમ્પે સત્તાને ગુમાવવાના દરે કોર્ટમાં આ વોટ કાઉન્ટીગ અટકાવવા અરજી કરી હતિ તેને જજે ઠુકરાવી કહ્યું કે સાચા પુરાવા પેહલા લઈને આવો. કેટલોક જગ્યાએ તો ચુનાવી તંત્રે બહુમતી થોડી હતી ત્યાં તુરત ત જ ફરી કાઉન્ટ શરુ કરાવી દીધું હતું. અને અહી કોઈ ઈવીએમ કે વોટિંગ મશીનથી વોટ નથી લેવાતા અને ગણતરી પણ હાથ થી જ કરાય છે. પોસ્ટલ વોટો પણ ખુબજ ચકાશાય છે અને તે બીજા રાજ્ય માં કે ગામમાં વોટ આપી આવ્યા નથી તેની પણ ક્રોસ ચેકીંગ કરાય છે. બીજા વોટો માટે લોકોને પોતાની આઈડી દેખાડવી પડે છે. અને લીધે ધોડુઘણું મોડું થાય છે. પણ ચકસનીમાં કોઈ ખામી ચોદતી નથી. અહીં, અમેરિકા અને બ્રિટનનમાં ચુનાવ દરમ્યાન રાજકીય પક્ષોમાં, મીડિયામાં અને જનતામાં તેમના જીવન જરૂરિયાત ના મૂળ મુદ્દા ઓ જેવાકે ઈકોનોમી, બેકારી, મેનીફેકટરીંગ, શિક્ષણ, હેલ્થકેરે, ટ્રાન્સપોર્ટ અને મોગ્વારી જેવા મુદ્દા ખુબજ મહત્વના હોઈ છે. થોડા સમય પેહલા એક રાજ્ય માં એક પોલીસે એક બ્લેક માણસ ની ગાર્ડન પર પોતાનો ઘૂંટણ દબાવી રાખવાથી મૃત્યુ થવાથી લોકોમાં ખુબજ રોષ ભરાયો હતો અને તેવી જાતના લો અને ઓર્ડર ઉપર મોતીય ચર્ચા કરાઈ હતી. આપણે ત્યાં પોલીસના વર્તન માટે તમે કાયા રાજકીય પક્ષ કે ધર્મ જ્ઞાતિ માંથી આવોછે તે પહેલું ચર્ચાય છે. જો કોઈ પ્રાશાસનને પૂછે તો તેમને કોંગ્રેસીયા, દેશ દ્રોહી કે પછી પાકિસ્તાની જાસૂસોના ઈલકાબ આપી મીડિયા એક નવુજ વાત વારં ઉભું કરે છે કે સરકાર ના મંત્રીઓ ઓ માટે એક ઈક્વાયરી બેસાડી અને બેચાર પોલીસે વાળાઓને સસ્પેન્ડ કે ટ્રાન્સફર કરી આખા મુદ્દાની હવ્વાજ કાઢી નાખ્યા છે. ન્યાય અને પ્રોસિક્યુશન તંત્ર પણ પક્ષપાત ના આધારે જ નિર્ણયો લેતા હોઈ તેમ લાગે છે. જે દેશમાં દાસ દિવસમાં પચીસ કાયદા કોઈ ખાસ ચર્ચા વિચારણા વગર જે સરકાર પાસ કરાવે તેને લોકો અને મીડિયા વાળા વિશ્વ ગુરુ બનવવાના સ્વપ્ન દેખાડે છે અને લોકશાહિના બંગા ફૂંકાવા અમેરિકા અને બ્રિટન સાથે સરખાવવા કરતા જયારે જુવો ત્યારે પાકિસ્તાન ને વચ્ચે લાવી મૂકી લોકોને ઘેલમાં લાવી દે છે.

આજે બિહાર ચૂંટણીમાં લાલુને કેટલા છોકરાં છે તેવા ફાલતુ બીજા આવીજ અન્ય વાતોને મુદ્દો બનાવાયા. અને તેજસ્વી જેવા યુવા જેણે બે રોજગારી અને ધાંધા અને શિક્ષણ અને શારીરિક સારવાર ની વાતો કરી તેની માઝાક ઉડાડવામાં કોઈ કસર છોડી નથી. તેજસ્વીએ દર લાખ નોકરીઓ આપવાની વાત કરી તો આખું જૂંડ તેના ઉપર તૂટી પડ્યું કે પૈસા ક્યાંથી લાવશે. વાત પણ સાચી અને એ પણ સાચું છે જે છુપાવવામાં આવેછે જે લખો સરકારી નોકરીઓ કહેલી રાખવામાં આવેછે અને વેતન પણ સમય સાર મળતું નથી. રવિષ કુમાર જેવા પત્રકારો આવી વાતોને ઉજાગર કરવા પ્રયત્નો કરે તો તેને દેશ ધ્રોહી કેહિ ધમકીઓ મળે છે. પણ ભાજપ પોતાના ચુનાવી એજન્ડા માં ઓગણીસ લાખ નોકરીઓ આપવાનું પ્રલોભન કરીછે તો નીતીશ ભાઈની જીભ લકવો મારી જાય છે. છાપાઓની યાદ શક્તિ અચાનક જતી રહે છે. બિહારના વોટિંગના ત્રીજા અને છેલ્લા ચરણ ની શરૂઆત પેહલા ફરી પાછો એક લવ જીહાદ નો ગુબ્બારો છોડયો જેથી પરતકારો અને ટીવી ચેનલો તેને જ ચર્ચા માં રાખી શકે. જયારે અમેરિકામાં બેકારી, ઈકોનોમી અને કોવિદ સામે સરકારની નીતિઓ અને રિસ્પોન્સ મૂળ મુદ્દા હતા. લાગૂકોમો અને તેમાંય ખાસ કરીને બ્લેક સમાજે એકત્ર થઈ ખુબજ વોટીંગ કરી ટ્રમ્પ ને પોતાની ઓખદ દેખાડી દીધી છે.

જયરાએ આપણે ત્યાં, બ્રાહ્મણો, પટેલો, વાણીયાઓ, ટાકુરો અને અન્ય કોમ ના નેતાઓ એક બીજા સામે જ દાંતિયા કરવામાંથી ઉંચા નથી આવતા. હમણાંજ મજદુરો અને કામ કરનારાઓ ના અધિકારો છીનવાઈ ગયા માલિકો ગમેત્યારે તેમને છુટા કરીશે તેવી નીતિ બહાર લવાઈ છે. લશ્કરમાં લોકોના પેંશન પણ ઓછા કરાયા છે. અને મોંઘવારી અને બેકારી એ માઝા મૂકી છે, પણ એક વર્ગ એવો છે કે જે હજુ અયોધ્યામાંથી બહાર ડોકું કાઢવા તૈયારજ નથી. આજે અમેરિકામાં ટ્રમ્પને લોકોએ બે કારણે પછાડી નાખ્યો છે, એક તો તેની અભિમાન અને વર્તન બન્ને થી દેશની રાષ્ટ્રપતિ ની છબી ને નુકશાન થયું છે. અસત્ય બોલી વાતોને મરોડી ચોળી લોકોને સબ ચંગા છે તેમજ બતાવવાનું આવી કક્ષા નેતાઓ માટે સત્તા મેળવવા અને ટકાવી રાખવા માટેનું મોટું સાધન મનાય છે. બીજું કે તેની ઈકોનોમિક એને સોશ્યિલ નીતિ ઓ થી સામાન્ય પ્રજાને માટે કોઈ સહાનુભૂતિ દેખાત ન હતી. પણ આવા નેતાઓ જે ફક્ત પૈસાદારોના ટેકે અને મીડિયા માલિકોના સહકારથી પોતાની સત્તા ટકાવવા રાજકારણમાં આવતા હોય છે. આવા રાજ્ય કરતાઓ પેહલા પોતાના જ પક્ષમાં એટલી જબરજસ્થ પકડ્ડ કરી રાખે છે કે કોઈ તેમની સામે ચુ કે ચા કરવાની હિમ્મત કરતો નથી. બીજી પોલીસે અને ટેક્સ વ્યવસ્થા અને ન્યાયતંત્રને કાબુમાં રાખી પોતાનું જોર કાયમી રાખે છે. ધર્મ અને દેશપ્રેમ નો ઉપયોગ કરી પોતાની મહાનતાની છબી ઉભી કરવા એક ઢાલ તરીકે વાપરે છે. ઘી કેળા પાર્ટીમાં બધાને જોડાવવું હાય છે અને દરેક ની કિંમત પણ ચૂકવાય છે. અમેરિકા અને બ્રિટન જેવા દશો માં આમ જોવા જાવ તો સામાન્ય રીતે સરકારી તંત્રમાં કામ કરતા બંધારણ ને નીતિ નિયમોને સારીરીતે માં આપેછે. બ્રિટન માં મહારાણી ની છોકરી ને પણ જો કર સ્પીડમાં ચલાવતી હોય તો પણ એક મામૂલી પોલીસે ઉભી રાખી ટિકિટ આપે છે અને કોર્ટમાં ફાઈન પણ થાય છે. આવા પણ ઘણા દાખલ છે. અને ન્યાય તંત્ર હજુ પણ મોટાભાગે સ્વાતંત્ર કામગિરી કરતુ હોય છે. આવા એકહથ્થું સત્તાધારી વર્તન વાળા ચૂંટણીથી ખુબજ ડરતા હાય છે અને ચુનાવી રેલીઓમાટે કરોડો ખર્ચતા હાય છે. તેમને હારી જવાની ખુબજ બીક હોય છે કારણકે તેમની પાયો પૈસા અને વેપારી હેરા ફેરીના કાદવોમાં ઊંડો ખુંપી ગયેલો હે છે. આજે પરદેશમાં ગેરકાયદેસર પૈસા રાખનારા ભારતીય નાગરિકોના નામો અને બેંકો પાસેથી મોટી લોનો લઈ પછી એન.પી.એ નાખી દિધેલાના નામો કે વિગતો કેમ બહાર નથી પાડવામાં આવતી! એવીજ રીતે આ ઈલેક્શન બોન્ડ પણ કેવા ખાનગી રખાય છે તે ઉપરથી ખ્યાલ આવશે કે હેરા ફેરી કાયા કાયા છે. આજે બેફામ સરકારી કંપનીઓ નું વેચાણ શરુ થઈ ગયું છે, રાફેલ યાદ કરો, તેના આંતરિક રૂલમાંથી કારપશન અને બેંક ગેરંટી જેવી વાતો જ કઢી નાખવામાં આવી હતી. અને ઈવીએમ ને હજુ પણ કેમ બદલવા તૈયાર નથી? જે નેતાઓ પાટળી બદલેછે તેમના ઉપર ટેક્સ વાળા કેમ રાઈડે નથી નાખતા?

ભારતમાં જયાં સુધી ન્યાય તંત્ર, પોલીસે અને ચુનાવી તંત્ર સ્વતંત્ર રીતે કાયદાન પાલન પ્રમાણે ન ચાલે ત્યાં સુધી દેશની પ્રગતિ અને લોકશાઈની વાતો હાવીઈ રેહવાની. ખાસ કરી ને આપણું મીડિયા અને પત્રકારતવતાનું સ્થર એજ આપણી લોકશાહીની લાજ રાખી શકશે. અમેરિકા કે બ્રિટનમાં કોઈ પણ નેતા સામે ક્રિમિનલ કેસ હૉય તો ત્યાંની રાજકીય પક્ષ જ તેને પાસે આવવા નથી દેતા, ચુનાવી ટિકિટની વાત જ બાજુ પર રહે છે. અને ગમે તેમ કરી ઉભો રહે તો મીડીય તેના રાજકીય સ્વપ્નને રોળી નાખવામાં પાછળ નથી પડતું, પછી ગમે તે પક્ષ તેની પાછળ ઉભૉ રહે? આ દેશોમાં સરકારી તંત્રોમાં કામ કરતા અને પત્રકારો માં એક સ્વાભિમાન છે કે દેશના કાયદા અને નિયમો માં રહી સેવા આપવી તેજ દેશ ભક્તિ છે. વિચારો કે અમેરિકા માં આજે ઉપપ્રમુખ એક ભારતીય સાંમજમાંથી આવતી નારી હશે જે આમ જોવા જાવ તો દેશ ચલાવવા પાછળનો મોટું માનો બળ હશે. રાષ્ટ્રપતિ પછી તેનો નંબર ગાંણાય છે. અને તેવીજ રીતે બ્રિટન માં આ શ્રી સુનક જે નાણાંપ્રધાન છે જે અર્થવ્યવસ્થાની જબદાર સાંભળે છે તે ત્રીજા દર્જાના નેતા અહીંના વાડાપ્રધાન પછી ગણાય. પ્રીતિ પટેલ જે ગૃહખાતું સાંભળે છે અને આલોક શર્મા જે બીઝ્નેસ્સ, એનર્જી અને ઈન્ડસ્ટ્રીઅલ સ્ટ્રેટજી માટે ના કેબિનેટ મીનિસ્ટર છે. મૂળમાં બ્રિટન ની સરકાર ચલાવવાના મૂળ વિસ્તારો કોના હાથમાં છે? પણ ભારતમાં વાતો મોટી પણ જો કોઈક વાત કહો તો જ્ઞાતિ, ધર્મ પરથી બહાર નથી નીકળવું. વિશ્વ ગુરુ થવા માટે માનસિકતા ૭૫ વર્ષો પાછળ હિન્દુત્વની વિચારધારા માં ના લઈ જવાય. અને ઈકોનોમી ટાળ્યા ઝાટક થતા સુધી વાહ..વાહ ના કરાય. અમેરિકાએ આ ચૂંટણીમાં લોકશાની તાકાત અને લોકોના સ્વાતનાત મિજાજ ની એક મિશાલ કાયમ કરી છે. ભારત એક મહાન દેશ સંસ્કુતી અને જ્ઞાન નો ખોજાનો કુદરતે આપેલી ધરતિ થી ભરપૂર છે. લોકો પણ સમજદાર અને ઉદાર દિલના છે, પણ એક જાદુગરે પોતાની હાથ ચાલાકીથી તેમની જાદુઈ નગરીમાં સુવર્ણ સ્વપ્ન દેખાડી બ્રહ્મમાં મોહી દીધા છે. પણ સો દેવર સૌના અને એક દિવસ વહુનો પણ આવવાનો?

બુદ્ધદેવ પંડ્યા,યુ.કે

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૭૭૩ અને ચાંદીમાં રૂ.૪,૦૮૧નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

મુંબઈઃ કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બરના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓ અને ઈન્ડેક્સ ફ્યૂચર્સમાં મળીને ૨૯,૩૭,૯૧૧ સોદાઓમાં કુલ રૂ.૧,૮૧,૪૯૯.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૭૭૩ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૪,૦૮૧ ઊછળ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં રહ્યું હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઘટીને બંધ થયું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ અને મેન્થા તેલમાં તેજીનો માહોલ હતો.

સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓનો સૂચકાંક એમસીએક્સ બુલડેક્સનો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૫,૩૯૬ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં ૧૬,૦૧૯ અને નીચામાં ૧૫,૩૬૩ના સ્તરને સ્પર્શી, ૬૫૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૬૪૨ પોઈન્ટ (૪.૧૮ ટકા) વધીને ૧૫,૯૯૮ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક એમસીએક્સ મેટલડેક્સનો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૨,૩૮૦ના સ્તરે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં ૧૨,૪૯૭ અને નીચામાં ૧૨,૨૯૦ બોલાઈ, ૨૦૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૯૭ પોઈન્ટ (૦.૭૮ ટકા) વધી ૧૨,૪૫૭ના સ્તરે બંધ થયો હતો. સપ્તાહ દરમિયાન બુલડેક્સ ફ્યુચર્સમાં ૧૭,૩૩૮ સોદાઓમાં કુલ રૂ.૧,૫૫૦.૪૮ કરોડનાં ૧૯,૮૦૯ લોટ્સ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૪,૪૨૭ સોદાઓમાં કુલ રૂ.૨૯૮.૯૩ કરોડનાં ૪,૮૨૯ લોટ્સનું વોલ્યુમ નોંધાયું હતું, જ્યારે ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ ફ્યુચર્સમાં ૭૧૮ લોટ્સ અને મેટલડેક્સમાં ૨૭૮ લોટ્સના સ્તરે રહ્યો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૪૬૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૨,૧૭૬ અને નીચામાં રૂ.૫૦,૩૫૩ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૧,૭૭૩ (૩.૫૩ ટકા)ના ઉછાળા સાથે રૂ.૫૨,૦૫૫ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦,૫૯૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૨૧૧ (૨.૯૯ ટકા)ના ઉછાળા સાથે રૂ.૪૧,૭૩૨ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૦૯૯ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૪૫ (૨.૮૫ ટકા) વધી બંધમાં રૂ.૫,૨૩૪ના ભાવ થયા હતા.

સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૩૭૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૨,૦૭૯ અને નીચામાં રૂ.૫૦,૧૯૭ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૮૭૪ (૧.૭૪ ટકા)ની વૃદ્ધિ સાથે બંધમાં રૂ.૫૧,૧૫૦ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૦,૫૫૭ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૪,૩૮૦ અને નીચામાં રૂ.૫૯,૯૧૮ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૪,૦૮૧ (૬.૭૮ ટકા)ના ઉછાળા સાથે રૂ.૬૪,૨૫૩ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૬૦,૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪,૦૧૬ (૬.૬૭ ટકા)ના ઉછાળા સાથે રૂ.૬૪,૨૨૨ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૬૦,૪૮૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪,૦૧૯ (૬.૬૮ ટકા) વધી બંધમાં રૂ.૬૪,૨૨૩ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૫૩૧.૧૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૦.૭૫ (૦.૧૪ ટકા) ઘટી રૂ.૫૨૭.૯૫ બંધ થયો હતો, જ્યારે નિકલનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧,૧૬૬ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૭૦ (૦.૩૨ ટકા) ઘટી બંધમાં રૂ.૧,૧૬૧.૩૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૦.૩૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪.૯૦ (૩.૨૭ ટકા) સુધરી રૂ.૧૫૪.૯૫ના સ્તરે રહ્યો હતો. સીસું નવેમ્બર વાયદો રૂ.૧૪૯.૪૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૦.૩૫ (૦.૨૩ ટકા) વધી રૂ.૧૫૦.૧૫ અને જસતનો નવેમ્બર વાયદો રૂ.૨૦૨.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૫૫ (૧.૭૫ ટકા) વધી રૂ.૨૦૬.૧૦ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૨,૬૯૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨,૯૧૬ અને નીચામાં રૂ.૨,૫૪૦ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૭૩ (૬.૪૧ ટકા)ના ભાવવધારા સાથે બંધમાં રૂ.૨,૮૭૧ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો નવેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૨૪૬.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૪.૯૦ (૧૦.૧૦ ટકા) ઘટી રૂ.૨૨૧.૭૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૨૩ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૧૫૦ અને નીચામાં રૂ.૧,૦૯૦.૫૦ સુધી જઈ, સપ્તાહના અંતે રૂ.૨૬ (૨.૩૨ ટકા) વધી રૂ.૧,૧૪૮ના સ્તરે બંધ થયો હતો. રૂ (કોટન)નો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૯,૫૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૯,૮૨૦ સુધી અને નીચામાં રૂ.૧૯,૧૧૦ સુધી જઈ, સપ્તાહના અંતે રૂ.૨૧૦ (૧.૦૭ ટકા)ના ઉછાળા સાથે રૂ.૧૯,૭૭૦ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ પામતેલ (સીપીઓ)નો નવેમ્બર વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૮૨૩.૩૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૧.૬૦ (૬.૨૯ ટકા) વધી રૂ.૮૭૧.૬૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે મેન્થા તેલનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૫૦.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૦.૬૦ (૦.૦૬ ટકા) વધી રૂ.૯૫૫.૧૦ના ભાવે બંધ થયો હતો.

## લખનઉની સૌથી પ્રાચીન મસ્જિદમાં હવન કરીશઃ સાધ્વી પ્રાચી ઠાકુર

બરેલી,તા.૭

પોતાના વિવાદાસ્પદ વિધાનો દ્વારા સતત મિડિયાના કેન્દ્રમાં રહેતી સાધ્વી પ્રાચી ઠાકુરે એવી જાહેરાત કરી હતી કે હું લખનઉની સૌથી પ્રાચીન મસ્જિદમાં હવન કરીશ.

તેમણે કહ્યું કે પ્રેમ કરવો એ ગુનો નથી, પણ પ્રેમના નામે ચાલી રહેલી લવ જિહાદ કોઇ રીતે સ્વીકાર્ય હોઇ શકે નહીં. દેશના દરેક રાજયમાંથી લવ જિહાદના રિપોર્ટ આવી રહ્યા હતા. એ નહીં ચલાવી લેવામાં આવે. સાધ્વીએ એવી માગણી કરી હતી કે લવ જિહાદના આરોપીને ફાંસીની સજા કરવી જોઇએ.

મંદિરમાં થયેલી નમાજના મુદ્દે બોલતાં સાધ્વીએ કહ્યું કે હિન્દુઓના દેશમાં મસ્જિદોમાં હવન પૂજન થવાં જોઇએ. હું પોતે પણ લખનઉની સૌથી પ્રાચીન મસ્જિદમાં હવન કરીશ. જોઉં કોણ મને રોકે છે. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે આજકાલ કહેવાતી ભાઇચારા ગેંગ સક્રિય હતી. આ ગેંગ સદ્ભાવના નામે મંદિરોમાં જઇને નમાજ પઢે છે. સામાજિક સદ્ભાવ વધારવો હોય તો મસ્જિદોમાં જઇને હિન્દુઓએ હવન કરવો જોઇએ. દેશની મોટા ભાગની મસ્જિદો વાસ્તવમાં અગાઉ મંદિર હતા. મુઘલ કાળમાં એ મંદિરો તોડીને મસ્જિદો ઊભી કરાઇ હતી.

## અમેરિકામાં ચૂંટણી મોંઘી પડીઃ ૨૪ કલાકમાં કોરોનાના એક લાખથી વધુ કેસ પોઝિટિવ નોંધાયા

વોશિંગ્ટન,તા.૭

એક તરફ વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને બીજી બાજુ ડેમોક્રેટ ઉમેદવાર જો બાઇડન અમેરિકી પ્રમુખની ચૂંટણીના ટેન્શનમાં વ્યસ્ત છે ત્યારે બીજી બાજુ ગુરૂવારે સાંજ સુધીમાં એક જ દિવસમાં કોરોનાના એક લાખ નવા કેસ નોંધાયા હતા. આ સપ્તાહના છેલ્લા બે દિવસમાં દરેક દિવસે એક એક લાખ નવા કેસ નોંધાતા રહ્યા હતા. પ્રમુખપદની ચૂંટણીના હો હામાં મિડિયાનું ધ્યાન પણ આ તરફ ઝાઝું ગયું લાગતું નહોતું.

નિષ્ણાતો માટે આ વાત નવી નહોતી. છેક જૂનમાં જ્યારે કોરોનાના રોજના ચાલીસ હજાર નવા કેસ આવતા હતા ત્યારે અમેરિકાની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ એલર્જી એન્ડ ઈન્ફેક્શ્યસ ડિસિઝ દ્વારા એવી ભવિષ્યવાણી કરવામાં આવી હતી કે આ રોગચાળાને કાબુમાં લાવવા તત્કાળ નક્કર પગલાં લેવામાં નહીં આવે તો રોજના એક લાખ કેસ આવી પડશે. અત્યારે એ ભવિષ્યવાણી સાચી પડી રહેલી જોઇ શકાતી હતી. અત્યાર અગાઉ કોરોનાના કારણે સવા બે લાખથી વધુ મૃત્યુ થઇ ચૂક્યા હતા. ધ ન્યૂયોર્ક ટાઇમ્સના એક અહેવાલ મુજબ દેશની ૧૭૦૦થી વધુ કૉલેજો અને યુનિવર્સિટીઓમાં સવા બે લાખથી વધુ કોરોના કેસ નોંધાયેલા હતા. પચાસથી વધુ કેમ્પસ એવા હતા જ્યાં સરેરાશ એક એક હજાર નવા કેસ સામે આવ્યા હતા.

ચારસો કૉલેજો એવી હતી જ્યાં સરેરાશ રોજના એકસો એકસો કેસ સામે આવતા હતા. એમાંના મોટા ભાગના કેસ એવા સમયે આવ્યા જ્યારે વિદ્યાર્થીઓ નવા સિમેસ્ટર માટે પાછા ફર્યા હતા. અત્યારે ૫૩ હજારથી વધુ દર્દીઓ જુદી જુદી હૉસ્પિટલોમાં સારવાર હેઠળ હતા. જહૉન હોપકિન્સ યુનિવર્સિટીના કહેવા મુજબ શુક્રવાર બપોર સુધીમાં અમેરિકામાં કોરોનાના ૯૬ લાખ ૭૮ હજાર કેસ નોંધાયા હતા અને બે લાખ ૩૫ હજાર વ્યક્તિનાં મરણ થયાં હતાં.

## ચીનના હુમલાના સાવચેતીના ભાગરુપે તાઈવને સમુદ્ર કિનારે એંટી લેડિંગ સ્પાઈક ગોઠવ્યા

તૈપ્પી,તા.૭

ચીન અને તાઈવાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે તાઈવાન તરફથી વારંવાર આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, ચીન ગમે તે ઘડીએ હુમલો કરી શકે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખતા તાઈવાને પણ આશ્ચર્યજનક પગલુ ભર્યું છે. તાઈવાને તેના સમુદ્રી કિનારાઓ પર એંટી લેંડિંગ સ્પાઈક ગોઠવી દીધા છે.ધ એશિયન પોસ્ટના એક અહેવાલ પ્રમાણે તાઈવાને આ પગલુ પોતાની સુરક્ષાની દ્રષ્ટિએ ઉઠાવ્યું છે. એંટી લેંડિંગ સ્પાઈક એક પ્રકારે લોખંડના અણીદાર સળિયાઓ છે. તાઈવાનના કિનમેન દ્વીપના સમુદ્ર કિનારે આ એંટી લેંડિંગ સ્પાઈક ગોઠવવામાં આવ્યા છે જેથી કરીને સીચી સેના સમુદ્રી માર્ગે ત્યાં પહોંચી ના શકે. આ ઉપરાંત તાઈવાને આ સ્પાઈક્સથી થોડે જ અંતરે ટેંક પણ ગોઠવી દેવામાં આવી છે. જે સમુદ્રમાં દૂરથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. જોકે તાઈવાનમાં એવી પણ ચર્ચા છે કે, કદાચ સમુદ્રી કિનારે કોઈ સ્મારક બનાવવામાં આવી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી તાઈવાન અને ચીન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. ગત મહિને તો તે આ વિવાદ એ હદે વકર્યો હતો કે, ફિજીમાં બંને દેશોના રાજદ્વારીઓ વચ્ચે ઝપાઝપી પણ થઈ ગઈ હતી. બીજી બાજુ અમેરિકાએ તાઈવાનને હાર્પૂન પાવર મિસાઈલ આપીને તેની તાકાતમાં અનેક ગણો વધારો કર્યો છે. અમેરિકાએ તાઈવાન સાથે સૈન્ય સમજુતી કરે છે. જેને અંતર્ગત અમેરિકા તાઈવાનને ૬૦ કરોડ ડૉલરના શસસ્ત્ર ડ્રોન વિમાનો પણ વેચી રહ્યું છે. માનવામાં આવી રહ્યું છે કે, અમેરિકા પાસેથી હથિયાર મળ્યા બાદ તાઈવાનને પોતાની સૈન્ય અને રાજનૈતિક સ્થિરતા ટકાવી રાખવામાં મદદ મળશે. આ વાત જ ચીનને આંખના કણાની જેમ ખુંચે છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા,દિવાળી- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

**NOG No :-0038**

વિભાગ :- ગદ્ય

શીર્ષક :- દિવાળી.

દિવાળી આનંદ ને ઉત્સાહનો તહેવાર છે. મને તો દિવાળી નજીક આવે એટલે ગામડે જવાની તાલાવેલી બહુ હોય.અત્યાર સુધી મેં ક્યારેય શહેરમાં દિવાળી નથી કરી .હું ગામડાની દિવાળીની થોડી વાત અહીયા વ્યક્ત કરું છું.

દિવાળી હોય એટલે અમારે ગામડે દરેકના ઘરે ઘઉંના લાડુ બને.કોઈના ઘરે મરણ થયું હોય ને શોક હોય તો પડોશીઓ બનાવીને આપવા જાય પણ કોઈને બાકી ના રાખે.

રાત્રે સરસ મજાની રોશની કરે, બધા નવા કપડાં પહેરી તૈયાર થાય .ગામમાં જેટલા બાળકો હોય એ દિવા પ્રગટાવી હાથમાં દીવો લઈ ઘરે ઘરે જાય ને બધાના ઘરે દિવામાં તેલ પુરાવે.જે બાળકની પહેલી દિવાળી હોય એના દિવામાં ઘી પુરવાનો રિવાજ છે.

હવે એ દિવાની વાત કરું તો એ અલગ પ્રકારના હોય છે, કોડિયા જેવું બનાવી નીચે હાથો બનાવે માટીનો પકડવા માટે..પછી કોડિયા ઉપર ઉભો થંભ માટીનો નાનો બનાવે એ થંભ ઉપર કોટનનું કપડું વીંટાળી તેલ પુરવાનું .આવા દિવા લઈ જ્યારે બાળકો ગામમાં ફરે ત્યારે એ નજારો જોવાની મજા આવી જાય.

ખરેખર ગામડાની દિવાળીમાં હજુ ઉત્સાહ દેખાય છે ..ખૂબ પ્રેમથી બધા આ તહેવારને માણે છે.

શીલા પટેલ. ગાંધીનગર.

---

**[NGO: 0015**

પ્રકાર:- પદ્ય (ચતુષ્કલ)

શીર્ષક:- રોજ દિવાળી

મનથી મનાવો
રોજ દિવાળી.
સુખથી સજાવો
રોજ દિવાળી.
રોકી કોઇના
આંસું ખરતા,
હેતે ઉજવો
રોજ દિવાળી.
દઇને દિલાસો
દુ:ખી દિલને,
દિલથી ઉજવો
રોજ દિવાળી.
આશ જગાવી
ઉરમાં નવલી,
હરખે ઉજવો
રોજ દિવાળી.
ભેદ ભુલીને
સઘળા મનનાં,
પ્રેમે ઉજવો
રોજ દિવાળી.

મેહુલ ત્રિવેદી ખેરાળી

---

**NOG/0044**

પ્રકાર:- ગદ્ય.

વિષય:- દિવાળી.

ક્યાં ગઈ કાલની દિવાળી અને ક્યાં આજની? આજે દિવાળીના તહેવારની મોટેભાગનાને જાણકારી નથી.તહેવારના મહત્વ કરતા દેખાડવાનું મહત્વ વધી ગયું છે.

દિવાળીમાં પાંચ દિવસ અગત્યના.વાક્ બારસ, ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, નૂતનવર્ષાભિનંદન.આ દિવસોમાં બધા સાથે મળી દિવાળી પર્વ નિમિત્તે વિવિધ જાતના ફરસાણ, મિષ્ટાન બનાવતા. આંગણે રોજ રંગોળી પૂરતા, ઊંબરે દીવિ પ્રગટાવતા.

આજે તો દિવાળીમાં ઘરે જ નથી રહેતાં.સહેલગાહે ઉપડી જાય,એટલે સપરમે દહાડે આંગણુ સુનું.ન રંગોળી,ન દીવા પ્રગટે..

દિવાળીનું ખાવાનું મોટેભાગે તૈયાર લાવે.કેટલાક તો વળી તળેલું , ગળ્યું ખાવાથી તબિયત વધે કરી બનાવતા જ નથી.જો કે પીઝા, બર્ગર, સેન્ડવીચ જેવો ખોરાક ખાતા હોય છે.આવો ખોરાક ખાવાથી કેવી તંદુરસ્તી જળવાઈ એ ખાનારા જાણે.

વાક્ બારસનું અપભ્રંશ કરીને વાઘબારસ થઈ ગયું. વાક્ એટલે વાણી.વાણીની અધિષ્ઠાત્રી માં સરસ્વતી.વાક્ બારસે વિદ્યાર્થીઓ મા સરસ્વતીનું પૂજન કરી અભ્યાસ કરે.

ધનતેરસે માં લક્ષ્મીનું પૂજન કરે.માન્યતા એવી કે લક્ષ્મી એટલે પૈસા,જર ઝવેરાત. ઘરની લક્ષ્મીની તો કોઈ ગણત્રી જ નહીં. ખરેખર તો આમાં સુધારો લાવવો જોઈએ.ઘરની લક્ષ્મી એટલે પુત્રવધૂ. પુત્રવધૂનૂ માન સન્માન ન જાળવતા હોય, એને કોઈ અધિકાર ન હોય ત્યાં નાણારૂપી લક્ષ્મી ક્યાંથી ટકવાની ધનતેરસે લક્ષ્મી પૂજન, ઘરની લક્ષ્મી રડાવીને.લક્ષ્મીપૂજા ની રીતમાં સુધારો જરૂરી,કરો અંદર ગૃહલક્ષ્મીનો. અંતર રાજી ગૃહલક્ષ્મી કેરું, કૃપા વરસે લક્ષ્મી માતની.

કાળીચૌદશે ચકલે વડાં મૂકી ઘરમાંથી કકળાટ કાઢવાનો રિવાજ.ખરેખરતો આપણે આપણા મનમાંથી ગુસ્સો, ઈર્ષા જેવા કુવિચારો ને કાઢવાની જરૂર છે.

દિવાળી એટલે દીવાની હારમાળા. દિવાળી એટલે વર્ષનો છેલ્લો દિવસ અમાસ.દિપમાળા પ્રગટાવી અંધકારને રોશનીથી શણગારી ઝળાંહળાં કરવાનો દિવસ.

નવું વર્ષ.શરૂઆત ચોપડા પૂજનથી થાય. ખેડૂતો બળેરાજાની સ્થાપના કરે.માટીની એક કુલડીમાં પૌંઆ ભરી ઉપર રૂપિયો ને સોપારી મૂકે.બીજી કુલડીમાં મીઠું મરી ઉપર રૂપિયો ને સોપારી મૂકે.પગમા પહેરવાની પાવડી હાથમાં લેવાની લાકડી આ બધું એક પાટલા પર મૂકી પૂજા કરવામાં આવે.એક બીજાના ઘરે જઈ શુભેચ્છા પાઠવે.મીઠું મોં કરી નવા વર્ષની શરૂઆત થાય.

શરૂ થયેલા નવા વર્ષનો પહેલો તહેવાર ભાઈબીજ.બેન ,ભાઈને સપરિવાર પોતાને ત્યાં ભાવતાં ભોજન જમાડી રાજી થાય.ભાઇ પણ બહેન ભાણેજ માટે પોતાની સ્થિતિ મુજબ ભેટ સોગાદ લઈ જાય.ભાઈબેન એકબીજાને મળી રાજી થાય.

સૌને દિવાળીની શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

લાડુ અને ફૂલવડી નો સંવાદ (થર્મોકોલ ની થાળીમાં)....

અજાણતા પીરસાતા, થયો પદસ્પર્શ ફુલવડી નો મોદક શિરે,
શાંત, સ્થિતપ્રજ્ઞ, ધ્યાનસ્થ લાડુ, છંછેડાયો ઉદીગ્ન ઉરે..
ખસખસ ખંખેરી, બોલ્યો લાડુ લાલચોળ ક્રોધાગ્ની થી..
"કેમ કરે તું અડપલાં મુને? છું તોફાની જન્મથી"
ફૂલવડી ફુલમણીશંકર તણી, ફુલાવી ગાલ તે બોલીઃ
" છું સળેકડી, પણ છે ચણા લોટ કેરી સ્નિગ્ધતા
□દચે રાખું મરી મસાલા, દહીં મેળવીને પામી છું ક્ષમતા,
ચીડવે તારા જમનારાને, સહુ કહી "★લાડુ ભટ્ટ"
રખડી રહે તું સંક્રાંતે, દુરાગ્રહીની ડીશ છૂટ
કટકો લાડુ કુદીને બોલ્યો:-
બેસ બેસ તું ચીબાવલી, આળોટતી ગરમ ગલોફામાં, તું
ટુકડો મારો, તડપતી જીભે, સ્ટોપ (stop) કરું સીસકારા, હું
ફુંકારી બોલી ફૂલવડી:-
લીધો છે જન્મ મેં ઝારામાથી, તેલમા કર્યું છે અગ્નિ સ્નાન
તારા ગોળમટોળ આકારે, કરે છે તું કંઈક જાડીયા નું અપમાન..
લાડુ લથડતા લવ્યો:-
ઘી ગોળ ને ઘઉ ની ગોળી, ખાનાર ખુશમિજાજી ને જીવન બંને રંગોળી
(અરે!) છું લાડવો મોટો, લગ્ન ના પૂરત મા- માટલાનો..
કસબ બે હથેળીનો, ક્યાંય ન મળે જોટો...
તું નાજુક ટેણી, અષ્ટાવક્ર ને ખરબચડી
પડાવે ફુંકારા ને સીસકારા, અપ્રજનોને દ્વી દ્વારેથી..
ફૂલવડી ફંગોળાઈ બોલી:-
"(ભલે!) ઉદરે આપું અગ્નિદાહ
કિન્તુ બોલે સહુ આહ ને વાહ!
તીખાશથી પડાવું સીસકારા પ્રિયજન ને
વટ છે, વળ છે મારો, આનંદે સહુ સન્મુખે!!!
લાડુ ઉવાચ:
હું મદમસ્ત મોદક વ્હાલો, પ્રિય પ્રભુ ગણેશ શંકરનો
આરોગે જો અગણિત પાર્ટી માં, થાય નિદ્રાધીન જમના ને શંકર
યાદ રહે તારી , નફકરાને આકર્ષી, સુગંધ ચોગરદમ
સુબહ સુબહ ચીત્કાર સુનોગી જબ ટોઈલેટ ગયે ઉન્હેં કદમ
ઓડકાર ને હેડકી ક્વચિત થાય સંગમ
એસીડીટી - ગેસનો થાય પૂર્ણ પ્રકોપ હરદમ
જનમો જનમ ના બે સાખપાડોશી
હુંસાતુંસી માં થયા આક્રોશી
બાસમતીએ બાથભરી બન્ને ને
સમાધાન, સમજાવટથી અન્યોન્ય ને
સુચવ્યું સહેલું અલ્પાહાર ને ક્રમવાર જો આવશો
માન-અપમાન થાશે નહીં,
પ્રિયજન ને બ્રહ્માપણૅ પામશો

અપોષણનો આગ્રહ રાખો, દેવને જમાડો,
ટુકડો તારો, બટકું મારું, શીતજલ સહ, આનંદ પમાડો.

ડો. દિનેશ દવે અમદાવાદ.....

---

આંગણું દે આવકારો,
ઘર મને એવું ગમે,
બારણાં બોલે:
'પધારોહ્ણ,
ઘર મને એવું ગમે.
હો પગરખાંનો પથારો,
ઘર મને એવું ગમે,
હોય જે ઘરને ઘસારો,
ઘર મને એવું ગમે.
કાયમી જ્યાં છમ્મલીલાં
લાગણીનાં ઝાડ હો,
કાયમી જ્યાં હો બહારો,
ઘર મને એવું ગમે.
નીંદની ચાદર હટાવે,
ઝાડવાંના કલરવો,
હો સુગંધી જ્યાં સવારો,
ઘર મને એવું ગમે.
જ્યાં લાગે અજાણ્યાનેય પણ
પોતાપણું,
લોક ચાહે જ્યાં ઉતારો,
ઘર મને એવું ગમે.
થાકનો ભારો ઉતારે,
કોઈ આવી ડેલીએ,
સાંપડે જ્યાં હાશકારો,
ઘર મને એવું ગમે.
મંદિરો જેવું પરમ સુખ,
સાંપડે જ્યાં જીવને,
જ્યાં રહે ચડતો સીતારો,
ઘર મને એવું ગમે..
આપનો દિવસ શુભ રહો.....




## અહિંસાના માર્ગે ધાર્મિક આધ્યાત્મિક ઉન્નતી.

અહિંસાનો સામાન્ય અર્થ છે "હિંસા ન કરવી". કોઈપણ પ્રાણીને તન,મન,કર્મ,વચન અને વાણીથી હાની ન કરવી. હિંદુ ધર્મમાં અહિંસાનું ખુબ જ મહત્વ છે. અહિંસા પરમ ધર્મ છે . ગાંધીજી એ તો અહિંસા વડે જ આઝાદી અપાવી. જૈન ધર્મ તો આના પાયા ઉપર જ ચણાયેલ છે. આનો પારિભાષિક અર્થ વિધેયાત્મક અને નિષેધાત્મક બંને છે. દ્વેષ ના કરવો , જીવ હત્યા ન કરવી . આ નિષેધાત્મક પ્રવૃત્તિ કરશો તો ધાર્મિક ઉન્નતી ચોક્કસ થશે. સત્સંગ સ્વાધ્યાય ઉપદેશ આત્માહિત્કારી વર્તન વિધેયાત્મક અહિંસા છે તેનો સમુચિત વિનિયોગ આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે. જૈન ગ્રંથ આચારાંગ સૂત્રમાં અહિંસાનો ઉપદેશ આ પ્રકારે આપેલો છે. કોઈપણ જીવિત પ્રાણીને કે જેમાં આત્મા છે એને ના મારો. ના અનુચિત વ્યવહાર કરો , ન અપમાનિત કરો , ન કષ્ટ આપો કે ન હેરાન કરો. આ વાતોને જો આચરણમાં મુકશો તો તમારી ધાર્મિક આધ્યાત્મિક ઉન્નતી નિશ્ચિત છે. આત્માની અશુદ્ધિમાત્ર હિંસા જ છે. જૈન આચાર્ય અમૃત્યંદ્ર એ પણ કહ્યું છે,: અસત્યના વિકારો આત્મ પરિણતી ને ને દુષિત કરે છે. આ વિકારોને ત્યાગો તો તમારો ઉદ્ધાર નક્કી જ છે. રાગ દ્વેષ નો અપ્રાદુર્ભાવ અહિંસા છે અને તેનો પ્રાદુર્ભાવ હિંસા છે. દરેક હિંદુ માટે અહિંસા એ સૌથી ઉંચો ધર્મ છે ,તે સૌથી મોટું વિશુદ્ધીકરણ છે.કર્મનો સિધ્ધાંત પણ આ જ કહે છે. જે ઈજા આપણે બીજાને પહોચાડીએ છે તે ભાવિમાં આપણને જ ઈજા કરશે જ. દયાનો અભાવ એ અહિંસા ને અમલમાં મુકવાનો અવરોધ ઉભો કરે છે. દરેક વ્યક્તિ તરફની લાગણીહીન ભાવનાઓ પર વિજય મેળવી , દયા ભાવનો વર્તાવ રાખો. દરેકમાં ઈશ્વરના દર્શન જુઓ. તો આધ્યાત્મિક ઉન્નતી પ્રાપ્ત થશે જ. અહિંસા એ જ ધર્મ છે અને એ જ અધ્યાત્મ ની ઉન્નતી છે. અને એ પ્રાપ્ત કરવા પ્રત્યેક જીવમાં ક્ષમાનો પણ ગુણ હોવો જોઈએ ક્ષમા એ વીર પુરુષનું આભુષણ છે.

વીર છે તે મહાવીર છે એનું આભુષણ છે અહિંસા,
રગરગમાં વ્યાપેલી ઘૃણા નું એક મારણ છે અહિંસા.
બુદ્ધ અને મહાવીર જગમાં ઈશ થઈ પૂજાય છે;
એક અને એક માત્ર એનું કારણ છે અહિંસા.
મહાવીર થઈને જીવનમાં માફ દુશ્મનને કરો;
સૌના દિલને જીતવાનું કામણ છે અહિંસા.
કાચા સુતરના તાંતણાં સમુ છે સંબંધોનું વિશ્વ;
તૂટેલ સંબંધ જોડવાનું કારણ છે અહિંસા.

દિલીપ વી ઘાસવાલા

## ઓક્ટોબર માસમાં બેરોજગારી દર ઘટીને ૭ ટકાની નજીક પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૭

અર્થવ્યવસ્થામાં દેખાઈ રહેલા સુધારાના સંકેતો બાદ પણ ઓક્ટોબર મહિનામાં રોજગારીમાં ૫.૫ લાખનો ઘટાડો આવ્યો છે. સેન્ટર ફોર મોનિટરીગ ઈન્ડિન ઈકોનોમીના આંકડાથી આ સત્ય સામે આવ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૦માં બેરોજગારીનો દર ઘટીને ૬.૭ ટકાએ પહોંચ્યો હતો. પરંતુ ઓક્ટોબરમાં આ ફરી વધીને આશરે ૭ ટકાની નજીક પહોંચી ચુક્યું છે. જ્યારે સૌની નજર આ મહિનાના અંત સુધીમાં આવનારા જીડીપીના આંકડા પર છે. જીડીપીથી જ અર્થવ્યવસ્થાની સ્પષ્ટ ચિત્ર સામે આવશે. સીએમઆઈઈએ કહ્યું છે કે, કેટલાક સંકેતોથી આ જાણવા મળી રહ્યું છે કે, મધ્ય ઓક્ટોબર સુધી શ્રમ બજારમાં સ્થિરતા આવી ચુકી હતી કે તેની હાલત ખરાબ થઈ રહી હતી.

આંકડા પ્રમાણે કોરોના લોકડાઉન બાદ મે, જૂન, જુલાઈમાં રોજગારની સ્થિતિમાં સુધારો થયો હતો. પરંતુ બાદમાં તે પાટા ઉપરથી નીચે ઉતરી ગયો છે. ઓગષ્ટ, સપ્ટેમ્હર અને ઓક્ટોબરમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી. રોજગારમાં જે સુધારો થયો છે. તેનું સ્તર પણ લોકડાઉન પહેલા કરતા ઘણું દુર છે.

ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર તહેવારનો મહિનો છે અને આ પાકની વાવણીનો મહિનો પણ છે. આ મહિનામાં બિહાર, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં પણ ચૂંટણીનું વાતાવરણ જોવા મળ્યું હતું. પરંતુ આ કામદારોની માંગમાં કોઈ ખાસ સુધારો થયો નથી. સીએમઆઇઇના જણાવ્યા પ્રમાણે ઓક્ટોબરમાં શ્રમભાગીદારી દર ૪૦.૬૬ ટકા હતો. જે સપ્ટેબર માસમાં પણ યથાવત છે તેમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. એક વર્ષ પહેલા ઓક્ટોબર ૨૦૧૯ની વાત કરીએ તો તે ૪૨.૯ ટકા હતો.

આ આંકડા એટલા માટે ચિંતાજનક છે કારણ કે લોકડાઉન પહેલા શ્રમ ભાગીદારી દર ક્યારેય પણ ૪૨ ટકાથી નીચે નથી ગયો. એ માટે ઓક્ટોબરમાં શ્રમ ભાગીદારી દર આ સ્તારની તુલનામાં ઘણો ઓછો છે જે ફેબ્રુઆરી પહેલા જોવા મળ્યો હતો.

## આંધ્રપ્રદેશમાં સ્કૂલો ખોલવી ભારે પડીઃ ૪ દિવસમાં ૬૦૦ વિદ્યાર્થીઓ, ૮૦૦ શિક્ષકો કોરોના પોઝિટિવ

અમરાવતી,તા.૭

ગુજરાત સરકારે દિવાળી બાદ સ્કૂલો ખોલવા માટે વિચારણા કરી છે પરંતુ જે રાજ્યોએ સ્કૂલો ખોલી નાંખી છે ત્યાં સ્કૂલોમાં કોરોનાનુ સંક્રમણ તરત જ પહોંચી ગયુ હોવાનુ સામે આવી રહ્યુ છે.આ બાબતને ગુજરાત સરકારે ધ્યાનમાં લેવી પડશે.

આંધ્રપ્રદેશમાં સ્કૂલો ૨ નવેમ્બરથી શરુ કરાઈ છે અને ચાર જ દિવસમાં ૬૦૦ બાળકો કોરોના સંક્રમિત થઈ ગયા છે અને ૮૩૦ શિક્ષકો કોરોના પોઝિટિવ થયા છે.રાજ્યમાં સ્કૂલોની સાથે યુનિવર્સિટીઓ અને કોલેજો પણ ખોલવામાં આવ્યા છે.ઉત્તરાખંડની વાત કરવામાં આવે તો અહીંયા ધો.૧૦ થી ૧૨ માટે સ્કૂલો ખુલી છે પણ ગઢવાલ જિલ્લામાં જ ૨૦ સ્કૂલોના ૮૦ શિક્ષકો કોરોનાની ચપેટમાં આવી ચુક્યા છે.જેના પગલે અહીંયા સ્કૂલો પાંચ દિવસ માટે ફરી બંધ કરી દેવાઈ છે.

દરમિયાન મહારાષ્ટ્રે જાહેરાત કરી છે કે, ૨૩ નવેમ્બરથી ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્કૂલો ખોલવામાં આવશે.આ માટે સરકાર ગાઈડલાઈન તૈયાર કરી રહી છે.જોકે વાલીઓની સંમતિ હશે તો જ સ્કૂલો ખોલવામાં આવશે.

દરમિયાન ઓરિસ્સાએ કોરોનાની બીજી લહેરની આશંકાને જોઈને નવેમ્બરમાં સ્કૂલો ખોલવાનો નિર્ણય પાછો લીધો છે.કેન્દ્ર સરકારે તો ૨૧ સપ્ટેમ્બરથી ધો.૯ થી ૧૨ માટે સ્કૂલો ખોલવાની છુટ આપી દીધી હતી.૧૫ ઓક્ટોબરથી તો તમામ ધોરણ માટે સ્કૂલો ખોલવાની ગાઈડલાઈન જાહેર કરી હતી.જોકે કેટલાક રાજ્યોએ સ્કૂલો બંધ રાખવાનુ જ નક્કી કર્યુ છે.દરેક રાજ્ય પોતાની રીતે આ માટે ગાઈડ લાઈન બનાવી રહ્યુ છે.

### અમેરિકા ચૂંટણીઃ બાઈડન જીતની નજીક, ટ્રમ્પની એક્ઝિટ નિશ્ચિત

## કોરોના, જળવાયુ પ્રદૂષણ પર પ્રથમ દિવસથી કામ શરૂ કરાશેઃ બિડેન

*વૉશિંગ્ટન,તા.૭*

ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જો બિડેને શનિવારે ચૂંટણીને લઈને મહત્વનું નિવેદન આપ્યું હતું. બિડેને જણાવ્યું કે આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે, અમે ચૂંટણીની રેસમાં વિજયકૂચ કરી રહ્યા છીએ. હું જાણું છું કે આ ચૂંટણીમાં તણાવ ઘણો છે પરંતુ આપણે ધૈર્ય રાખવાની જરૂર છે જેથી મતગણતરીની પ્રક્રિયા તેની ગતિથી ચાલુ રહે અને દરેક મતની ગણતરી થઈ શકે. બિડેન ૨૫ વર્ષમાં અરિઝોનામાં જીત પ્રાપ્ત કરનાર પ્રથમ ડેમોક્રેટ ઉમેદવાર છે. ૨૮ વર્ષમાં જ્યોર્જિયામાં સૌપ્રથમ વખત ડેમોક્રેટ્સ વિજય તરફ આગળ છે. બિડેને તેમના પક્ષને ફરીથી ઊભો કરવાનો દાવો કરતા કહ્ કે ચાર વર્ષ પૂર્વે ધ્વસ્ત થયેલી 'બ્લુ વોલ' ફરીથી અસ્તિત્વમાં આવી રહી છે.

જીતના વિશ્વાસ સાથે જો બિડેને જણાવ્યું કે, દર કલાકે તેમને તમામ ધર્મ, સમુદાય તરફથી રેકોર્ડ સંખ્યામાં મતો મળી રહ્યા છે. અમેરિકનોનું નોંધપાત્ર સમર્થન તેમને પ્રાપ્ત થઈ રહ્યું છે. સત્તામાં આવ્યાના પ્રથમ દિવસથી જ બિડેને કોવિડ ૧૯ મહામારી, અર્થતંત્ર અને જળવાયુ પરિવર્તન પર કામ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પને સલાહ આપતા બિડેને કહ્યું કે, અમેરિકાની ચૂંટણીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે પરંતુ અમે શાંત છીએ. હરીફોએ પણ ગુસ્સો થૂંકી દેવો જોઈએ, આ જંગમાં આપણે વિરોધી હોઈ શકીએ પરંતુ દુશ્મન બિલકુલન નથી. કેટલાક લોકો આ ચૂંટણી પ્રક્રિયાને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ હું તે શક્ય નહીં થવા દઉં તેમ બિડેને જણાવ્યું હતું. લોકશાહી પર મારો મજબૂત વિશ્વાસ છે. પરંતુ રાજકારણનો ઉદ્દેશ દેશ માટે કામ કરવાનો હોય છે.

આપણે દુશ્મન નથી, આપણે અમેરિકન છીએ તેમ બિડેન તેમના ડેલાવેર હેડક્વાર્ટરથી એક નિવેદનમાં જણાવ્યું હતું. આ સમયે તેમની સાથે ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસ પણ હતા જો કે તેમણે કોઈ ટિપ્પણી કરી નહતી. કમલા હેરિસે નિષ્ણાતોની સાથે મુલાકાતનો દોર શરૂ કરી દીધો છે. હજુ પણ મેઈલ બેલેટ્સની ગણતરી ચાલુ છે. હજારો વોટની ગણતરી ચાલી રહી છે. ફિલાડેલ્ફિયાના માર્ગો પર બિડેન સમર્થકો ખુશીથી ઝૂમી રહ્યા છે. બીજીતરફ ફિનિક્સ અને ડેટ્રોઈટમાં ટ્રમ્પ સમર્થકોએ ચૂંટણીમાં ગરબડનો આક્ષેપ કર્યો છે. પેંસિલ્વેનિયા, જ્યોર્જિયા, અરિઝોના અ નેવાદામાં બાઈડિનની લીડ ટ્રમ્પ માટે પડકાર બની ગઈ છે.

અત્યાર સુધીની મત ગણતરી મુજબ બિડેનને ૨૬૪ ઈલેક્ટોરલ મતો મળ્યા છે જ્યારે ટ્રમ્પને ૨૧૪ મતો મળ્યા છે. બિડેન ચાર રાજ્યોમાં આગળ ચાલી રહ્યા છે અને હજુ મતગણતરી ચાલુ છે. નોર્થ કેરોલિનામાં ટ્રમ્પ લીડ કરી રહ્યા છે.

## યુરોપિયન સંઘ અમેરિકી ઉત્પાદનો પર ૪ અબજ ડોલરનો શુલ્ક લાદશે

વોશિંગ્ટન/લંડન,તા.૭

યુરોપિયન યુનિયને અમેરિકાનાં ઉત્પાદનો પર ૪ અબજ ડોલરની ટેરિફ લાદવાની તૈયારીઓ આદરી છે. યુરોપિયન સંઘની બહુમતી સરકારોએ અમેરિકન વસ્તુઓની આયાત પર ટેરિફ લગાવવાનાં નિર્ણયનું સમર્થન કર્યું છે.અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ટેરિફ અંગે નિર્ણય લેવાયો નહોતો પણ હવે મતદાનના દિવસે જ ઇયુએ અમેરિકી ઉત્પાદનો પર ટેરિફ લગાવવાની તૈયારી કરી હતી.

આ અગાઉ વિશ્વ વ્યાપાર સંગઠને અમેરિકાને યુરોપિયન સંઘ પર ૭.૫ અબજ ડોલરના માલ પર ઊંચી આયાત ડ્યુટી લગાવવાની મંજૂરી આપી હતી. ડબલ્યુટીઓના ઈતિહાસમાં આ સૌથી મોટો ફેંસલો ગણાવવામાં આવી રહ્યો છે. અમેરિકાએ આરોપ લગાવ્યો હતો કે યુરોપિયન સંઘ વિમાન નિર્માતા કંપની એરબસને ગેરકાયદેસર રીતે મદદ કરી રહ્યું છે. જેના અનુસંધાનમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

યુરોપિયન સંઘના એક નેતાએ જણાવ્યું હતું કે આગામી અઠવાડિયે મંગળવાર અથવા બુધવારે અમેરિકી ઉત્પાદનો પર ટેરિફ લાદવામાં આવશે. બીજી તરફ અમેરિકાનો તર્ક છે કે યુરોપિયન સંઘના ટેરિફ માટે કોઈ કાયદાકીય આધાર નથી કેમ કે બોઈંગને અપાતી સબસીડી બંધ કરી દેવાઈ છે. બંને પક્ષો એકબીજા પર વર્લ્ડ ટ્રેડ ઓર્ગનાઈઝેશનના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હોવાના આરોપો લગાવી રહ્યા છે.

# આત્મનિર્ભર લોનઃ રાજ્યમાં સુરત નંબર વન, ૭ મહિનામાં રૂ.૪૪૪ કરોડનું ધિરાણ થયું

સુરત,તા.૭

જલ્દી જ પૂર્ણ થઈ રહેલી રાજ્ય સરકારની આત્મનિર્ભર યોજના ૧ અને ૨ હેઠળ રૂ.૧ લાખ અને ૨.૫૦ લાખની લોન આપવામાં ગુજરાતના ૩૩ શહેર અને જિલ્લા પૈકી સુરત નંબર-૧ પર રહ્યું છે. મે માસથી શરૂ થયેલી આ યોજનામાં અત્યાર સુધી સુરતમાં ૪૨,૮૩૨ અરજીઓ પૈકી રૂ.૫૧૦.૪૭ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે, તે પૈકી ૩૯,૧૨૮ અરજીઓને રૂ.૪૪૪.૮૨ કરોડની રકમ ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન દરમિયાન ગૃહઉદ્યોગો અને નાના નોકરિયાત વર્ગ માટે આત્મનિર્ભર લોન યોજના જાહેર કરી હતી. જે પૈકી યોજના એક હેઠળ રૂ.૧ લાખની જ્યારે યોજના ૨ હેઠળ રૂ.૨.૫૦ લાખની લોન ૮ ટકા વ્યાજે જાહેર કરાય હતી.

તે પૈકી યોજના ૧માં ૬ ટકા જ્યારે યોજના ૨માં ૪ ટકા રાજ્ય સરકારની વ્યાજ સબસિડી આપવામાં આવી રહી છે. ઉપરાંત પ્રથમ ૬ માસ મોરેટોરિયમનો લાભ પણ આપવામાં આવે છે. શહેરની ૧૭ કો.ઓપરેટીવ સેક્ટરની બેંકો, ૧ ડિસ્ટ્રીક્ટ બેંક અને ૫૦ ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીઓ મળીને કુલ ૪૪૪ કરોડથી વધુની લોનનું ડિસ્બર્સમેન્ટ(ચૂકવણી) કરી દેવામાં આવી છે. આ અંગે જિલ્લા રજિસ્ટ્રાર(કો.ઓપરેટીવ) વિપુલ મહેતા જણાવે છે કે, રાજ્યમાં આત્મનિર્ભર લોન આપવામાં ૩૩ શહેરો અને જિલ્લામાં સુરત નંબર-૧ પર છે. નાના વેપારીઓ અને કારીગરો કોરોના બાદ ઝડપથી પગભર થાય તેવા હેતુ સાથે સરકારની યોજના હતી,

જેને સુરત શહેર અને જિલ્લામાં સારો પ્રતિસાદ મળ્યો છે. સુરત જિલ્લા રજિસ્ટ્રાર પાસેથી મળતી માહિતી પ્રમાણે, સુરત ૫૧૦ કરોડથી વધુની રકમની લોન અરજીઓની મંજૂરી સાથે નં.૧ પર છે, જ્યારે અમદાવાદમાં અત્યાર સુધી ૪૯૭.૪૦ કરોડ, ત્રીજા નંબરે રાજકોટ રૂ.૩૭૪.૨૭ કરોડની લોન અરજીઓને મંજૂરી કરવામાં આવી છે, જ્યારે ચોથા નંબર પર મહેસાણાનો સમાવેશ થાય છે. સૌથી ઓછી અરજીઓવાળા શહેરો અને જીલ્લાઓમાં તાપી, નર્મદા, છોટા ઉદેપુર, દેવભૂમિ દ્વારકા અને ડાંગનો સમાવેશ થાય છે.



અમદાવાદ એમસી કડક થતા કોરોના ટેસ્ટિંગ માટે લાંબી લાઈનો વસ્ત્રાપુરમાં સોશિયલ ડિસ્ટનસિંગ ના ધજાગરા ઉડ્યા ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

# માણાવદર - કુતિયાણાના ૩૯ ગામો માટે ૨૨.૪૧ કરોડની પાણી પુરવઠા યોજનાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું



માણાવદર તાલુકાના ભાદરકાંઠાના ૨૬ અને કુતિયાણા તાલુકાના ૧૩ એમ કુલ ૩૯ ગામ માટે રૂ.૨૨.૪૧ કરોડના ખર્ચે સાકાર થનાર ભાદર ૨ જુથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતુ પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા દ્વારા માણાવદર ના થાનિયાણા ગામે ખાતમુહુર્ત સમારોહ યોજાયો હતો

આ તકે મંત્રી બાવળીયા એ કહયું કે ભુતકાળમાં વ્યક્તિ દીઠ ૭૦ લીટર પર હેડ પાણી આપવા આયોજન કરાતું પરંતુ વર્તમાન સરકાર તેમા સુધારા કરી દૈનિક પર હેડ ૧૦૦ લીટર પાણી મળે તેવી વ્યવસ્થા કરી છે. આ યોજના અંતર્ગત ફિલ્ટર પ્લાન ,ભુગર્ભ સંપ,ઉંચી ટાંકી, તેમજ જરૂરી વિતરણ પાઈપલાઈન નંખાશે .

મંત્રી જવાહરભાઈ ચાવડા એ જણાવ્યું કે ભાદર નદીના અંડર ગ્રાઉન્ડ વેણમાં આવતા તમામ ગામ આવરી લેવાયા છે.આ કામ ગુણવત્તાપૂર્વક થશેઅને પંદર માસમાં કામ પૂર્ણ કરાશે તેમજ ગ્રામ્ય વિસ્તાર ની આંતરિક પાણી વિતરણ વ્યવસ્થા માટે વાસ્મોના સહયોગથી કામ થશે.

આ તકે તાલુકા ભાજપ પ્રમુખ હરસુખભાઈ ગરાળા, વરંજાગભાઈ ઝાલા, તાલુકા ભાજપ મહામંત્રી જગદીશભાઈ મારૂ, જગદીશભાઈ ડાંગર, હાસમભાઈ સેતા, નારણભાઈ સોલંકી, મથુરભાઈ ત્રાંબડીયા, તાલુકા ભાજપ મહામંત્રી કિરણભાઈ ચૌહાણ, ગોવિંદભાઈ સવસાણી, જીવાભાઈ મારડીયા, રાજસીભાઈ ખોડભાયા, રામસીભાઈ ખોડભાયા, હરીભાઈ મગરા, મનુભાઈ મુછડીયા, તેમજ તાલુકાના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું




રીપોર્ટ : ધ્રુવ દવે સિદ્ધપુર

સિદ્ધપુરમાં શનિવારના દિવસે ફુલપુરા હાઈવે ની સામે ક્રિષ્ના આર્કેડમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ના પ્રમુખ અલ્પેશ ઠાકોર ના જન્મદિવસ ની ઉજવણી નીમીતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના સિધ્ધપુર સદારામ બ્લડ સેવા સમિતિ સિધ્ધપુર ,સિધ્ધપુર ઓબીસી એક્તા મંચ સિદ્ધપુર અને કામધેનુ ગૌ હોસ્પિટલ સિધ્ધપુર ના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૭૧ જેટલી બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું

આ કાર્યક્રમમાં સિધ્ધપુર ના અલગ-અલગ સંગઠનના આગેવાનો હોદ્દેદારો સામાજિક કાર્યકરો મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત થયા હતા

આ બ્લડ ડોનેશન કેમ્પ માં સિવિલ હોસ્પિટલ અને ધારપુર બ્લડ બેંકના કર્મચારીઓ દ્વારા ખૂબ જ સારો સહયોગ આપવામાં આવ્યો

આ કેમ્પમાં કોવીડ ની સરકારી ગાઈડલાઈન નું પાલન કરવામાં આવ્યું હતું જેમાં સોશિયલ ડિસ્ટન્સ માસ્ક અને સેનેટાઈઝર સાથે આયોજન કરવામાં આવ્યું હતું

# વડોદરામાં ઢોંગી ગુરુ સામે દુષ્કર્મ કેસઃ પાખંડીની પાપલીલાનો થયો પર્દાફાશ



વડોદરા,તા.૭

વડોદરાના પાખંડી ધર્મગુરુ કહેવાતા બગલામુખી તાંત્રિક તરીકે જાણીતા પ્રશાંત ઉપાધ્યાયની સામે સેવિકાએ દુષ્કર્મની ફરિયાદ કરી છે. પ્રશાંત છેતરપિંડીના કેસમાં પહેલાંથી જ જેલમાં બંધ હતો. ત્યારે તેની સામે એક પીડિતાએ વડોદરા શહેરના ગોત્રી પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસે આજે જેલમાંથી પ્રશાંતની કસ્ટડી મેળવી હતી.

વડોદરાના એસીપી રાજગોરે આ મામલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પોલીસે આ મામલે પાખંડની મદદગારીના આરોપમાં દિશા નામની એક સેવિકાની ધરપકડ કરી લીધી જ્યારે સીમા અને ઉન્નતિ નામની અન્ય બે સેવિકાઓની શોધખઓળ શરૂ છે. આ બંને સેવિકાઓ પણ એટલી જ ભાગીદાર હોવાનો પોલીસનો દાવો છે.

પાખંડી પ્રશાંત ઉપાધ્યાયની ૩ સેવિકા દિશા ભગતસિંહ સચદેવા ઉર્ફે દિશા જોન, દીક્ષા જસવાની ઉર્ફે સીમા અને ઉન્નતિ જોષી પણ કેસમાં સામેલ હોવાનો આરોપ પીડિતાએ પોલીસ ફરિયાદમાં લગાવ્યો હતો. આ ત્રણેય સેવિકાઓના વિડિયો વાઈરલ થયા છે. જેમાં સેવિકાઓ ગુરૂજી એટલે કે પાખંડી પ્રશાંતને જન્મદિવસની શુભકામનાઓ આપે છે, જે પૈકી ૨ સેવિકાઓ તો વીડિયોના અંતમાં લવ યુ ગુરૂજી પણ કહે છે. સેવિકા દિશા હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં છે. જ્યારે દીક્ષા દુબઈમાં હોવાનું બહાર આવ્યું છે. જ્યારે ઉન્નતિનો હજી સુધી કોઈ પત્તો પોલીસને મળ્યો નથી. પોલીસે ફરાર બંને સેવિકાઓની શોધખોળ શરૂ કરી છે.

દરમિયાન વાયરલ વીડિયોમાં દેખાતી બે સેવિકા સીમા અને ઉન્નતિ પણ આ કેસમાં ઘણા રાઝ જાણતી હોવાની પોલીસને આશંકા છે. કારણ કે જે યુવતિ પર દુષ્કર્મ થયું તેને પણ આ સેવિકાઓ જ પાખંડી ગુરૂની જાળ સુધી લઈ ગઈ હોય તેવી આશંકા સેવાઈ રહી છે માટે તેમની પુછપરછ અનિવાર્ય છે. આ મામલે અગાઉ પોલીસે પ્રશાંતની સાગરિત અને સેવિકા દિશા જોનની ધરપકડ કરી હતી. પોલીસને દિશાની પૂછપરછમાં ચોંકાવનારી બાબતો જાણવા મળી હતી. આજે એસીપી રાજગોરે જણાવ્યું હતું કે 'દિશા પ્રશાંતની ખાસમ ખાસ હતી, એની સંમતિ વગર કોઈ કઈ કરી શકતું નહોતું. રિમાન્ડ દરમિયાન એવું જાણવા મળ્યું કે પ્રશાંતની દરેક કાર્યવાહી કે સેવિકાઓનો વ્યવહાર સાચવતી હતી.

# ફટાકડાં મુદ્દે રાજ્ય સરકારે લીધો નિર્ણય, જાહેરનામું પાડ્યું બહાર

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં ફટાકડા મુદ્દે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કોરોના કહેરમાં પાંચ રાજ્યોમાં ફટાકડા પર પ્રતિબંધ મૂકાયા બાદ ગુજરાતમાં દિવાળી ટાણે ફટાકડા ફોડી શકાશે કે નહીં, તે એક મોટો પ્રશ્ન બન્યો હતો. હાલ ગાંધીનગરથી ગુજરાતમાં ફટાકડા મુદ્દે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવાના અહેવાલ મળ્યા છે. સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા સરકાર તરફથી સૂચના પણ આપવામાં આવી છે. સરકારે પોતાના જાહેરનામામાં ફટાકડાને વિદેશથી આયાત કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. ૧૪૪ હેઠળ આદેશ બહાર પાડવા સૂચના પણ આપી દેવામાં આવી છે. ફટાકડાની ગેરકાયદે આયાત, સંગ્રહ, વેચાણ સામે રોક લગાવી છે. કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશ લગાવવામાં આવ્યો છે. દિવાળી જ નહીં, અન્ય તહેવારો તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષના તહેવારો દરમિયાન ફટાકડા ફોડવા સંબંધમાં જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સુપ્રીમ કોર્ટના આદેશને પગલે રાજ્ય સરકારે જાહેરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ સાથે જ વિદેશી ફટાકડાની આયાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. રાજ્યના તમામ જિલ્લા કલેકટર અને પોલીસ કમિશ્નરને પ્રતિબંધાત્મક આદેશ બહાર પાડવા જણાવાયું છે. ફટાકડાના ગેરકાયદેસર વેચાણ સંગ્રહખોરી સામે પગલા લેવા અને કાર્યવાહી કરવા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડોક્ટરોના મતે ફટાકડાનો ધુમાડો માત્ર કોરોનાના દર્દીઓ માટે જ નહીં, કોરોનાથી સાજા થયેલા લોકો માટે પણ જોખમી બની શકે છે. કોરોનાના સંક્રમણની સીધી અસર ફેફસાં પર થઈ હોય છે એટલે ફેફસાં પ્રમાણમાં નબળા પડયા હોવાથી ફટાકડાના ધુમાડાથી શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ શકે છે. ડિસ્ચાર્જ થયા બાદ પણ સ્વાસ્થ્યને લગતી કેટલીક સમસ્યા સર્જાતી હોવાનું જોવા મળે છે. કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ નિષ્ણાતો આ દિવાળીએ ફટાકડા ન ફોડવાની સલાહ આપે છે.

## ગુજરાત યુનિવર્સિટીનો પરીક્ષા કાર્યક્રમ જાહેર

# ૮ ડિસેમ્બરથી યુજી સેમેસ્ટર-૩ અને ૫ની પરીક્ષા લેવામાં આવશે

અમદાવાદ,તા.૭

ગુજરાત યુનિવર્સિટીનો પરીક્ષા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૮ ડિસેમ્બરથી યુજી સેમેસ્ટર-૩ અને ૫ની પરીક્ષા લેવામાં આવશે. સાથે પીજી સેમેસ્ટર ૩ની પણ પરીક્ષા લેવાશે. ૨૧ નવેમ્બરે વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે. કોલેજની ઈન્ટરનલ પરીક્ષા ૫ દિવસ પહેલા પૂર્ણ કરાશે.

ત્યારે આ મુદ્દે વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે અને અનેક મુંઝવણો ઉભી થઈ છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે ગુજરાત યુનિ.એ આજે વહેલી સવારે યુજી-પીજીના રેગ્યુલર અને એક્સટર્નલ વિદ્યાર્થીઓની છેલ્લા સેમેસ્ટરની પરીક્ષાઓ ઓફલાઈન અને ઓનલાઈન બંને મોડ સાથે બે તબક્કામાં તેમજ કોરોનામા પરીક્ષા વંચિત માટે વધુ એક ખાસ પરીક્ષા સાથે ત્રણ વાર પરીક્ષાઓ લીધી છે. ત્યારે આ પરીક્ષાઓ હમાણા જ પૂર્ણ થઈ છે.ત્યાં નવી પરીક્ષાઓ જાહેર કરી દેવાઈ છે. યુનિ.દ્વારા યુજી સેમેસ્ટર ૩ ,૫ અને પીજીમાં સેમેસ્ટર ૩ની વિવિધ કોર્સની પરીક્ષાઓ ૮ ડિસેમ્બરથી બે તબક્કામાં શરૂ કરવા જાહેરાત કરાઈ છે.જેને લઈને એનએસયુઆઈ દ્વારા હોબાળા સાથે ફરિયાદ કરવામા આવી છે કે યુનિ.એ યુજી-પીજીના સેમેસ્ટર ૨ અને ૪ના ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓનું હજુ સુધી મુલ્યાંકન જ કર્યુ નથી.

## સરકારની અણઘડ નીતીના કારણે

# ડાર્કઝોન વિસ્તારમાં ટપક ની સબસીડી લેવામાં ખેડૂતો નો ઘટાડો

માણાવદર તાલુકા માં વર્ષ ૨૦૧૨ માં ડાર્કઝોન વિસ્તારમાંથી મુક્તી આપવામાં આવી હતી અને ત્યાર બાદ ખેડૂતો ટપક વસાવતા થયા હતા અને ૨૦૧૨ થી ૨૦૧૫ સુધી ઉતરોતર વધારો થતો હતો માણાવદર તાલુકા માં માંથી વર્ષ ૨૦૧૫ માં ૭૧૮ હેકટર માં ટપક મજુર થયેલ હતી અને ૦૫-૧૧-૨૦૨૦ સુધી માં માત્ર ૪૦ હેકટર ની મંજુર થયેલ છે. સરકાર શ્રી ના નીતી વિષયક નિર્ણયો ના કારણે ખેડૂતો ટપક વસાવવા માં ઘટાડો થાય છે. ફુવારા વસાવેલ ખેડૂતો ને ટપક મળતી નથી અને ૭ વર્ષ બાદ પુન સબસીડી માં ૪૫% ટકા મળે છે અને તેમાં પણ ૧૨% જીએસટી લાગે ખેડૂત પાસે માત્ર ૩૩ % મળે છે સબસીડી મળે છે.

ગુજરાત સરકારે ૨૦૧૨ માં જયારે ડાર્કઝોન ઉઠાવેલ ત્યારે સરકારે ખેડૂતો ટપક વધુ માં વધુ અપનાવે તે હેતુ થી સરકારે ડાર્કઝોન ઉઠાવેલ હતો અને માન્ય મોદી સાહેબ જયાર થી વડા પ્રધાન બન્યા ત્યાર બાદ જીજીઆરસી પ્રોજેક્ટ બંધ જેવી હાલત માં છે અને રોજ રોજ જીજીઆરસી નવા નિયમો ના કારણે ડીલરો અને ખેડૂતો કટાડી ગયા છે જેના કારણે ૨૦૧૭ થી આખા ગુજરાત માં ઘટાડો થઈ રહ્યો છે.

રીપૉર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

# અમદાવાદમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક સ્થિતિએ, શહેરમાં સરેરાશ એસીક્યું ૨૪૫



અમદાવાદ,તા.૭

ગુજરાતમાં કોરોના મહામારીને કારણે માર્ચ મહિનાથી જયારે લોકડાઉન આપવામાં આવ્યું હતું ત્યારે સમગ્ર રાજ્યમાં પ્રદૂષણમાં પણ ઘટાડો થયો હતો તેમજ નદીઓના પ્રદૂષણમાં પણ ઘટાડો થતા જળચર જીવસૃષ્ટિને ઘણી રાહત થઇ હતી. પરંતુ હવે જયારે રાજયમાં 'અનલોક' આપી દેવામાં આવ્યું છે ત્યારે એક વાર ફરીથી જનજીવન પૂર્વવત્ થઇ ગયું છે. એવામાં અમદાવાદમાં પ્રદૂષણ પણ ચિંતાજનક સપાટીએ પહોંચ્યું છે. અમદાવાદમાં દિવસ દરમ્યાન એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૪૫ સાથે 'પૂઅર' નોંધાયો હતો. જો પ્રદૂષણ માટેનો એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૦૦થી વધી જાય તો તે સ્થિતિને ચિંતાજનક ગણવામાં આવે છે. જો કે શહેરમાં વધતુ જતું પ્રદૂષણ એ કોરોનાના દર્દીઓને માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. ગઇ કાલે શુક્રવારની જો વાત કરીએ તો દિવસ દરમિયાન એર ક્વોલિટી ઇન્ડેક્સ રાયખડમાં સૌથી વધુ ૩૨૨, પિરાણામાં ૩૧૨, એરપોર્ટમાં ૨૬૬ જયારે સેટેલાઇટમાં ૨૪૫ નોંધાયો હતો. આમ, શહેરના બે વિસ્તારમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૩૦૦થી વધુ નોંધાતા તેને 'વેરી પૂઅર' કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ સિવાય મોટા ભાગના વિસ્તારોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૦૦થી વધુ નોંધાયેલ છે. તમને જણાવી દઇએ કે, જે સમયે કોરોના મહામારીમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું તે સમયે પ્રદૂષણના સ્તરમાં ખૂબ સુધારો જોવાં મળ્યો હતો અને એર ક્વોલિટી ઇન્ડેક્સ પણ ૭૫ની આસપાસ થઇ ગયો હતો.

જો કે, હવે બધું જ પૂર્વવત્ થતા જ પ્રદૂષણના સ્તરમાં સતત વધારો થવા લાગ્યો છે. તમને જણાવી દઇએ કે, એર ક્વોલિટી ઇન્ડેક્સ ૫૦થી ઓછો હોય તો તેને સારો કહેવાય, ૫૧થી ૧૦૦ વચ્ચે હોય તો સંતોષકારક, ૧૦૧થી ૨૦૦ વચ્ચે હોય તો સાધારણ, ૨૦૧થી ૩૦૦ વચ્ચે હોય તો ખરાબ, ૩૦૧થી ૪૦૦ વચ્ચે હોય તો અત્યંત ખરાબ અને ૪૦૦થી વધુ હોય તો તેને ગંભીર ગણવામાં આવે છે. પરંતુ લાગે છે કે, હજુ આગામી દિવસોમાં પણ અમદાવાદમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૦૦થી વધારે થાય તેમ મનાઇ રહ્યું છે.

# આજે પીએમ મોદી ઘોઘા રો-પેક્સ ફેરીનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરશે

સુરત,તા.૭

ઘોઘા-હજીરા રો-પેક્ષ સેવાને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૦૦ મુસાફરોનું બુકિંગ થઈ ચૂક્યું છે. હવે ૮ નવેમ્બરે પીએમ મોદીના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ થશે. બીજી બાજુ હજુ તો હજીરાની ફેરી શરૂ નથી થઈ ત્યાં કંપની દ્વારા હજીરાથી દીવ અને પીપાવાવની રો-પેક્ષ ફેરી શરૂ કરવાની તૈયારી કરી રહી છે. મોદીના ડ્રીમ પ્રોજેક્ટ હજીરા-ઘોઘા રો-પેક્સ ફેરી સર્વિસની શુભ શરૂઆત આવતી કાલે થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રો-પેક્સ ફેરીનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરશે. ૨૪ કલાકમાં જ ૩૮૦૦ યાત્રી અને ૧૭૦૦ વાહનોનું બુકિંગ થયું હોવાનું જાણવા મળ્યું



છે. રવિવારે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેવાના છે. ઉપરાંત કેન્દ્રિય મંત્રી મનસુખ મંડાવીય પણ સુરતના હજીરા સ્થિત અદાણી પોર્ટ પર હાજર રહેશે. સુરત હજીરા-ઘોઘા રોરો ફેરીનુ જહાજ પોર્ટ પર આવી ગયુ છે. ભારતમાં પહેલુ એવુ જહાજ છે જેમાં વાહનો સાથે પેસેન્જર જઈ શકે તેવી સુવિધા છે. પેસેન્જર માટે બિઝનેસ ક્લાસ, એક્ઝિક્યુટીવ ક્લાસ અને ઈકોનોમી ક્લાસ છે. ૪ કલાકમાં તેઓ હજીરાથી ઘોઘા પહોંચી જશે. જહાજમાં ૫૦ ટ્રક, ૧૦૦ કાર, ૫૦ બાઈક, ૫૦૦ મુસાફર અને ૩૪ ક્રૂ મેમ્બર એક સાથે ફેરી સર્વિસમાં રવાના થઈ શકશે. રોરો ફેરીથી ઘોઘા અને હજીરા વચ્ચેનુ ૩૭૦ કિમીનું અંતર ૯૦ કિમીમાં પૂર્ણ થઈ જશે. સુરતથી સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્રથી સુરત આવનારા મુસાફરોને સમયની બચત થશે. સુરત હજીરાથી – ઘોઘા ફેરી સર્વિસના ટ્રાયલ રનમાં ઈલેક્ટ્રોનીક ખામીની સાથે જેટી સુધી લાવવા માટે દરીયામાં પુરતુ પાણી નહીં હોવાના લીધે તેને પોર્ટ પર ખેંચીને લાવનાની સ્થિતી સર્જાઈ હતી, તેના કારણે સવારે ૧૧ કલાકને બદલે જહાજ જ સાંજે ૫.૨૫ કલાકે હજીરા પોર્ટ પર આવ્યુ હતું.

હજીરા રોડ પર આવેલા અદાણી પોર્ટ દેખાતું જહાજ મોડુ આવવાને કારણે ટ્રાયલ રન પણ શકય બન્યો નહોતો. આગામી ૮મી નવેમ્બરના રોજ હજીરાથી ઘોઘા વચ્ચે રોમેકસ ફેરી સર્વિસની શરૂવાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવનાર છે . તે પહેલા હજીરાથી ઘોઘા વચ્ચે ટ્રાયલ રન કરવામાં આવનાર હતો. આ માટે ઘોઘાથી સવારે જહાજ નીકળીને ૧૦ કલાકની આસપાસ સુરત આવવાનુ હતુ. ત્યાર બાદ સવારે ૧૧ કલાકે હજીરાથી ટ્રાયલ રન માટે જહાજને રવાના કરવામાં આવનાર હતુ, પરંતુ ઘોઘાથી જહાજ નીકળ્યા બાદ ખરાબ વાતાવરણની સાથે દરીયાઈ મોજાને લીધે મધદરીયે જ જહાજને અટકાવી દેવામાં આવ્યુ હતું. આ જહાજ હજીરા ખાતે સવારે ૧૦ કલાકે આવવાનું હતું, પરંતુ સાંજે ૫.૨૫ કલાકે હજીરા પોર્ટ પર આવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.